# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૩૮ : અંક–૧૮૬ વર્ષ - ૧૬ : માર્ચ–૨૦૧૩

## કારતક વદ ૨, ગુરુવાર તા. ૧૬-૧૧-૧૯૭૮.
## બહેનશ્રીનાં વચનામૃત–૩૮૨ ઉપર પ્રવચન, પ્રવચન–૧૫૨

**આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ છે. તે કાયમ રહીને પલટે છે. તેનું કાયમ રહેનારું સ્વરૂપ ખાલી નથી, ભરપૂર ભરેલું છે. તેમાં અનંત ગુણરત્નોના ઓરડા ભરેલા છે. તે અદ્‌ભુત ઋદ્ધિયુક્ત કાયમી સ્વરૂપ પર દૃષ્ટિ દે તો તને સંતોષ થશે કે 'હું તો સદા કૃતકૃત્ય છું.' તેમાં ઠરતાં તું પર્યાયે કૃતકૃત્ય થઈશ. ૩૮૨.**



૩૮૨. એ છે ને ? ૩૮૨ બોલ. પેરેગ્રાફ–૩૮૨.

**'આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ છે.'** આત્મા, ઉત્પાદ-વ્યય પર્યાયમાં છે અને ધ્રુવ સ્વરૂપ છે. **'તે કાયમ રહીને પલટે છે.'** કાયમ રહીને પલટે છે. **'તેનું કાયમ રહેનારું સ્વરૂપ...'** એનું જે કાયમ રહેનારું સ્વરૂપ છે, સ્થાયી છે એ **'ખાલી નથી,...'** એ વસ્તુ નિત્ય છે એ ખાલી નથી. **'ભરપૂર ભરેલું છે.'** આહા..હા..! સમજાણું કાંઈ ? ભગવાન આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વરૂપ છે. એમાં કાયમ રહેનારી વસ્તુ જે છે (ખાલી નથી). એ **'કાયમ રહીને પલટે છે.'** ધ્રુવ રહીને ઉત્પાદ-વ્યય-પર્યાયમાં પલટે છે. છતાં એ નિત્ય વસ્તુ જે છે એ ખાલી નથી. ભરેલી છે. નિત્ય વસ્તુ અનંત ગુણથી ભરેલી છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! અને એટલું કહ્યું માટે એને જ્ઞાન થઈ ગયું (એમ નથી). આ તો જણાવે છે. સમજાણું કાંઈ ?

જે તારી ચીજ છે એ ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્‌. અને એ ઉત્પાદ-વ્યય-ધ્રુવ નામનો એક ગુણ પણ આત્મામાં છે. આહા..હા..! જેથી ઉત્પાદ-વ્યય અને ધ્રુવ થાય છે. પણ જે ધ્રુવ ચીજ જે નિત્ય સ્થાયી છે, જે સ્થાયી સ્થિર, ધ્રુવબિંબ, કાયમ ટકતી ચીજ... આહા..હા..! એ ચીજ કોઈ ખાલી નથી. એમાં તો અનંત અનંત ગુણ ભર્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ ? કેટલી સાદી ભાષા છે ! એમ જણાવ્યું અને જાણનારે લક્ષમાં લીધું. જાણનારે લક્ષમાં લીધું. એનાથી જ્ઞાન થઈ ગયું એમ નથી. કેમકે ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણના વિચારમાં રહેશે તો એ તો વિકલ્પ છે. આહા..હા..! આત્મા છે તો ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત. પણ એ ત્રણના વિચારમાં જો રોકાશે તો... આવે છે ને આવશ્યક. આવશ્યકમાં નહિ ? ઉત્પાદ-વ્યય-ધ્રુવ-દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિચાર કરવો એ પરવશ

છે. એ પરાધીન રાગ આવે છે એ તો પરવશ આવશ્યક નથી. એ અવશ્ય કર્તવ્ય નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? એ તો ચીજ આ છે. અને એ નિત્ય છે એ ખાલી નથી. અનંત ગુણનો ભંડાર ભગવાન આત્મા ધ્રુવ છે. એમ બતાવ્યું છે. અને એના ખ્યાલમાં પણ આવ્યું. પણ ખ્યાલ આવ્યું એથી એને સમ્યગ્દર્શન થઈ ગયું (એમ નથી). આહા..હા..! વ્યવહારથી એને બતાવ્યું, ત્રણ બતાવ્યા એથી એને સમ્યગ્દર્શન થયું. વ્યવહારથી સમ્યગ્દર્શન છે એમ છે નહિ, ભાઈ !

ગુરુએ અનુગ્રહ કરીને... ‘કુંદકુંદાચાર્યે’ કહ્યું, અમારા ગુરુ જે વિજ્ઞાનઘનમાં નિમગ્ન થા. એમણે અમને બતાવ્યું એ તો વિકલ્પ અને વ્યવહાર થયો. અમને અનુગ્રહ કહીને શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો. એ તો વ્યવહાર થયો. લક્ષમાં આવ્યું કે આ આમ કહે છે. પણ એથી શુદ્ધાત્મા પ્રગટ્યો (એમ નથી). આહા..હા..! આવી વાત છે ભારે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો હજી લક્ષમાં આવ્યું કે આ તો આમ કહે છે, એટલું. પણ એથી કરીને જ્ઞાન થયું અને સમ્યગ્દર્શન થયું (એમ નથી). આહા..હા..! સમ્યગ્જ્ઞાન પણ નહિ. લક્ષ કર્યું માટે સમ્યગ્જ્ઞાન થયું (એમ નથી). આહા..હા..! સમ્યગ્જ્ઞાન તો ત્રિકાળી ઉત્પાદ-વ્યયની પરિણતિને ધ્રુવ તરફ વાળતા... મૂળ ભૂમિ તો જ્ઞાન છે. એ આવ્યું હતું ને ? શાસ્ત્રનું જ્ઞાન એ કાંઈ મૂળ અસલી ભૂમિ નથી. આહા..હા..! સાંભળ્યું ને ખ્યાલ આવ્યો એ કાંઈ મૂળ ભૂમિ નથી. આહા..હા..! મૂળ જ્ઞાનની ઉત્પત્તિ, ભૂમિ એટલે ઉત્પત્તિનું સ્થાન તો ભગવાન ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આ તો ફક્ત ઓલા ગૌતમે કહ્યું વ્યવહારથી, તો વ્યવહારથી લાભ થાય, શિષ્યોને લાભ થાય, ગૌતમે વ્યવહાર બતાવ્યો માટે લાભ થાય (એમ કહે). અરે..રે...! શું કરે છે પ્રભુ તું ? આહા..હા..! અને તે પણ દિગંબરમાં આવીને. શ્વેતાંબરમાં તો એ બધી વ્યવહારની વાત કહે છે એટલે એ તો લોકો માને અને કહે. પણ આવો આવું સનાતન જૈનદર્શન, વસ્તુ સ્વભાવદર્શન, વિશ્વદર્શન... આહા..હા..! એવો જે ભગવાન વિશ્વ નામ સમસ્તને દેખનારો. આહા..હા..! એનું આ દર્શન, એનું નામ આ જૈનધર્મ છે.

એ તો ત્રિકાળી જ્ઞાયકભાવ અને ઉત્પાદ-વ્યયની પરિણતિ છે અને ધ્રુવ છે એ ગુણથી ખાલી નથી. એ ધ્રુવ અનંત ગુણનો પિંડ છે. એવો ખ્યાલ કરાવ્યો. સમજાણું કાંઈ ? એના ખ્યાલ થવાથી એને સમ્યગ્દર્શન થઈ ગયું, અરે..! ખ્યાલ કરે તો સમ્યગ્જ્ઞાન થયું એમ નથી. એ તો કાલે નહોતું આવ્યું ? શાસ્ત્રજ્ઞાન છે એ તો પરજ્ઞેય છે. આહા..હા..! શાસ્ત્રે કહ્યું, દિવ્યધ્વનિ દ્વારા કહ્યું, પોતાથી ખ્યાલમાં આવ્યું, વાણીથી નહિ. છતાં એ ખ્યાલ છે એ તો પરલક્ષીજ્ઞાન છે. આહા..હા..! એ તો હજી પરજ્ઞેયમાં નિમગ્ન છે. આહા..હા..! માર્ગ અલૌકિક છે, ભાઈ ! આહા..હા...!

એ ધ્રુવ કાયમ અનંત ગુણોનો ભરેલો ભંડાર પ્રભુ છે. એના ઉપર દૃષ્ટિ દેવાથી સમ્યગ્દર્શન થાય છે. ત્રણેનું જ્ઞાન થયું અને આત્મામાં અનંત ગુણ છે, પર્યાય પલટે છે એવું જ્ઞાન થયું માટે સમ્યગ્દર્શન થયું (એમ નથી). આહા..હા..! અરે..રે...! કોને પડી છે આ ? મારું શું થશે ? ભાઈ ! અહીંથી ક્યાં જઈશ ? ભગવાન તો કાયમ રહેનાર છે. કાયમ રહેનાર છે (તો) રહેશે ક્યાં ? ભાઈ ! જેણે એવા ભેદ ઉપર દૃષ્ટિ રાખી છે... આહા..હા..! એ તો સવારમાં ન આવ્યું ? ભેદ એ પુદ્ગલના પરિણામ છે. આહા..હા..! ગજબ વાત છે. અભેદ ઉપર દૃષ્ટિ કરવાથી એમાં ભેદ આવતો નથી. એ અપેક્ષાએ ભેદ, રાગ, રંગ અને ભેદથી ભિન્ન ભગવાન આત્મા છે. આહા..હા..! ખરેખર તો ઉત્પાદ-વ્યયની પર્યાયના ભેદથી પણ ભિન્ન છે. આહા..હા..! એવો ખ્યાલ કરે પણ એને જ્ઞાન ક્યારે થાય ? સમજાણું કાંઈ ?

એ ધ્રુવ અનંત અનંત ગુણનો દરિયો ભર્યો છે, ભગવાન ! આહા..હા..! એના ઉપર પર્યાયની દૃષ્ટિ લગાવ. પર્યાયમાં તો દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિચાર આવે એ પણ રાગમાં રોકાવાનું છે. હું ધ્રુવ છું, આ પર્યાય છે એવો વિચાર પણ રાગમાં રોકાવાનું સ્થાન છે.

આહા..હા..! 'નિયમસાર'માં છે કે બહિર્તત્ત્વ અને અંતર્તત્ત્વ એની શ્રદ્ધા એ વ્યવહાર સમકિત. એટલે રાગ, વિકલ્પ... આહા..હા..! ગજબ વાત કરે છે ને. 'નિયમસાર'ની પાંચમી ગાથા. બહિર્તત્ત્વ એટલે સંવર, નિર્જરા, આસ્રવ આદિ. જીવની એક સમયની પર્યાય આદિ. એ બહિર્તત્ત્વ છે. અને અંતરતત્ત્વ પરમાત્મસ્વરૂપ ધ્રુવ. એ બેની શ્રદ્ધા એ વ્યવહાર સમકિત રાગ છે. આહા..હા..! બે આવ્યા ને ? 'નિયમસાર'માં છે.

તે પણ 'નિયમસાર'માં 'કુંદકુંદાચાર્ય' એમ કહે છે કે મેં તો મારા માટે બનાવ્યું. આહા..હા..! જે ત્રીજે નંબરે આવ્યા. 'મંગલમ્ ભગવાન વીરો, મંગલમ્ ગૌતમો ગણી, મંગલમ્ કુંદકુંદાર્યો.' આહા..હા..! એ એમ કહે, કે આ 'નિયમસાર' મારી ભાવના માટે બનાવ્યું છે. આહા..હા..! એમાં એમ કહે અને ટીકાકારે ટીકા પણ એવી લીધી છે. વ્યવહારના પરિહાર અર્થે સાર શબ્દ (યોજેલ છે). આવ્યું ને ? આહા..હા..! મેં મારી ભાવના માટે બનાવ્યું હતું. આ ભાવના એ. આહા..હા..! કે ઉત્પાદ-વ્યય અને પર્યાયનો જે વ્યવહાર છે.. આહા..હા..! એના પરિહાર અર્થે ત્રિકાળી જ્ઞાયકભાવના અવલંબે આ સમ્યગ્દર્શન-જ્ઞાન અને અનુભવ થાય. એ માટે મેં આ બનાવ્યું છે. આહા..હા..! 'કુંદકુંદાચાર્ય' એટલે... આહા..હા..! પહેલા નંબરે તીર્થંકર, બીજા નંબરે ગણધર અને ત્રીજા નંબરે કુંદકુંદાચાર્ય. આહા..હા..! અને તે પણ બીજા આચાર્યો વચમાં મૂકીએ ગૌતમ પછી તો ઘણા આચાર્યો હતા. નહોતા ? કે ગૌતમ પછી એના શિષ્ય આ 'કુંદકુંદાચાર્ય' હતા ? આહા..હા..!

એ 'કુંદકુંદાચાર્ય' જ્યાં ગણધર પછી ત્રીજે નંબરે આવ્યા એ એમ કહે છે, પ્રભુ ! એકવાર સાંભળ... આહા..હા..! કે તારી ચીજ જે ધ્રુવ છે એમાં અનંત અનંત ગુણ ભરેલા છે. આહા..હા..! એ ધ્રુવ ઉપર જા, ધ્રુવને પકડ. આહા..હા..! ધ્રુવને ધ્યાનનો વિષય બનાવ. આહા..હા..! તો તને સમ્યગ્દર્શન થશે એમ જણાવ્યું. પણ લક્ષમાં આવ્યું એથી એને સમ્યગ્દર્શન થઈ ગયું ? આહા..હા..! આ તો શાસ્ત્ર દ્વારા જણાવ્યું.

*(શેષ અંશ આવતા અંકમાં...)*

**'સ્વાનુભૂતિપ્રકાશ' (ગુજરાતી) ના સ્વામિત્વનું વિવરણ ફોર્મ નં.૪, નિયમ નં. ૮**

| | |
|---|---|
| પત્રનું નામ | : 'સ્વાનુભૂતિપ્રકાશ' (ગુજરાતી). |
| પ્રકાશ સ્થળ | : શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧. |
| પ્રકાશન અવધિ | : માસિક |
| મુદ્રક | : ભગવતી ઓફસેટ, ૧૫/સી બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦૦૦૪. |
| પ્રકાશકનું નામ | : શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧ |
| સંપાદકનું નામ | : શ્રી હીરાલાલ જૈન, (ભારતીય), ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧ |
| સ્વામિત્વ | : શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪૦૦૧ |

હું, હીરાલાલ જૈન, એતદ દ્વારા ઘોષણા કરું છું કે મારી અધિકૃત જાણકારી અને વિશ્વાસ અનુસાર ઉપરોક્ત વિવરણ સત્ય છે.

તા. ૩૧ માર્ચ, ૨૦૧૩

હીરાલાલ જૈન

મેનેજીંગ ટ્રસ્ટી-શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ.



# શ્રી પરમાગમસાર, વચનામૃત–૩૫૧-૩૫૨ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન, પ્રવચન નં. ૧૭૫ (તા.૩-૯-૧૯૮૩, ભાવનગર)

'પરમાગમસાર' ૯૨ પાનું. ૩૫૨. ફરીથી શરૂઆતથી.

**'પરમાત્મા ફરમાવે છે કે પ્રભુ ! તારા જ્ઞાનની પર્યાયમાં સદાય સ્વયં આત્મા પોતે જ અનુભવમાં આવે છે. જ્ઞાનની પ્રગટ દશામાં સર્વને ભગવાન આત્મા અનુભવમાં આવે છે.'** શું કહે છે ? અજ્ઞાની જીવને, સંસારી જીવને ભલે એની ખબર નથી તોપણ આ પરમાત્માનું ફરમાન છે, એમ લીધું છે. ફરમાવે છે એમ લીધું છે ને ? ફરમાન છે. અથવા એ સ્પષ્ટ કહે છે, કે **'તારી જ્ઞાનની પર્યાયમાં સદાય સ્વયં આત્મા પોતે જ અનુભવામાં આવે છે.'** રાગનો અનુભવ થવો, રાગના વિષયનો અનુભવ થવો, ખાટું, ખારું, તીખું, દાળ, ભાત, શાક, રોટલા એ ભ્રાંતિથી, અનુભવ નહિ થતો હોવા છતાં માનેલી વાત છે, ભ્રાંતિથી માનેલી વાત છે. માત્ર તે જ્ઞાનમાં જ્ઞેયપણે જણાય છે. દર્પણવત્ પ્રતિબિંબિત થાય છે પણ ખરેખર તેનો અનુભવ થઈ શકતો નથી.

'સમયસાર' 'કર્તા-કર્મ અધિકાર'માં ૯૨, ૯૩, ૯૪, ૯૫ ગાથામાં એ વિષય છે કે જેમ આત્મા વડે શીત-ઉષ્ણરૂપે થઈ શકાતું નથી. આત્મા ઠંડો થઈ શકતો નથી, આત્મા ગરમ થઈ શકતો નથી, ઉષ્ણ થઈ શકતો નથી. કેમ કે શીત-ઉષ્ણ છે એ સ્પર્શગુણની પર્યાય છે. આત્મામાં સ્પર્શગુણ નથી એટલે એની કોઈ અવસ્થા હોય એવું બની શકે નહિ. જેમ આત્મા વડે શીત-ઉષ્ણરૂપે થવું અશક્ય છે તેમ જ આત્મા વડે રાગાદિરૂપે થવું અશક્ય છે, એમ લીધું છે. એ પણ જેમ શીત-ઉષ્ણપણું જ્ઞાનનું જ્ઞેય છે, એમ રાગાદિ વિભાવ પણ જ્ઞાનનું જ્ઞેય છે.

જ્ઞાન દ્વારા, આત્મા દ્વારા અથવા જ્ઞાન દ્વારા જ્ઞાનપણે મટીને બીજું કાંઈ થવું એ અશક્ય અને અસંભવિત છે. થઈ શકતું નથી. તેથી અહીંયાં તો વળી અનુભવની વાત લીધી છે, કે **'તારા જ્ઞાનની પર્યાયમાં સદાય સ્વયં પોતે જ અનુભવમાં આવે છે. જ્ઞાનની પ્રગટ દશામાં સર્વને ભગવાન આત્મા અનુભવમાં આવે છે.'** સર્વને એટલે એમાં કોઈ બાકી ન રહ્યા. સર્વ જીવોને. નિગોદનો જીવ હોય, એકેન્દ્રિય હોય, બેઇન્દ્રિય હોય, ત્રણેન્દ્રિય હોય, ચાર ઇન્દ્રિય હોય, પંચેન્દ્રિય, અજ્ઞાની હો, જ્ઞાની હોય, સિદ્ધ હોય, કાંઈ બાકી રહેતું નથી.

સાધક થતા તો બધા જાણે જ છે, કે હું મને અનુભવમાં આવી રહ્યો છું. પણ બાધક જીવો એવું જાણતા નથી અને એવું સ્વીકારતા નથી. તેથી તેમના તેવા પરિણામને મિથ્યા ભાવો કહેવામાં આવ્યા છે, મિથ્યાત્વ સહિતના ભાવો કહેવામાં આવ્યા છે. એ સાચા પરિણામ નથી. કોઈ એમ માને કે હું અત્યારે મનુષ્ય થઈ ગયો છું તો એનું એ માનવું છે એ ખોટું છે. એ આત્મા છે. મનુષ્ય નથી પણ પોતે આત્મા છે.

(અહીં) સર્વને લીધું છે ને ? **'જ્ઞાનની પ્રગટ દશામાં સર્વને ભગવાન આત્મા અનુભવમાં આવે છે.'** જ્ઞાન અનુભવમાં આવે છે એટલે ભગવાન આત્મા અનુભવમાં આવે છે. જ્ઞાનનો અનુભવ તે આત્માનો અનુભવ છે એમ કહેવું છે. 'અમૃતચંદ્રાચાર્યદેવે' 'કર્તા-કર્મ અધિકાર'માં આગળ એ વાત લીધી છે, કે **'आत्मा ज्ञानं स्वयं ज्ञानं'** આત્મા જ્ઞાન છે અને એ તો જ્ઞાન છે એ સ્વયં જ્ઞાનરૂપે છે. **'ज्ञानादन्यत्करोति किम्'** એટલે જ્ઞાનથી બીજું શું કરે ? જ્ઞાનથી એ બીજું કાંઈ કરી શકે નહિ. જે જ્ઞાન

છે તે જ્ઞાનથી બીજું શું કરે ? કે જ્ઞાન જ્ઞાનથી બીજું કાંઈ કરી શકે નહિ. પણ છતાં કોઈ એમ માને કે **'परभावस्य कर्तात्मा'** હું તો રાગને કરનારો છું, હું શરીરના કાર્યો કરનારો છું, શરીરની ક્રિયા કરું છું, વાણીની ક્રિયા કરું છું, જગતના બીજા સંયોગોના હેરફેરની ક્રિયા કરું છું. **'मोहयं व्यवहारिणाम्'** એ જીવને વ્યામોહ થયો છે. વ્યામોહ થયો છે એટલે ભ્રમ થયો છે, બીજું કાંઈ નથી એમાં. થઈ શકતું નથી છતાં માને છે એ ભ્રમથી માને છે.

એ ૧૭ ગાથામાં એ વાતનો પાયો નાખ્યો છે, કે **'જ્ઞાનની પ્રગટ દશામાં સર્વને ભગવાન આત્મા અનુભવમાં આવે છે.'** આટલી જ ખોજ અંદરમાં કરવી જરૂરી છે. નહિતર બીજું માનેલું તૂટશે નહિ. શરીરનું કાર્ય હું કરું છું, રાગને હું કરું છું, બીજા સંયોગોના ફેરફારને હું કરનારો છું એ નહિ મટે. અંદરમાં એટલી ખોજ કરે કે આ અનુભવ શેનો થાય છે ? જ્યાં અનુભવ થઈ રહ્યો છે અને હું પણે અનુભવ થઈ રહ્યો છે, પોતારૂપપણે અનુભવ થઈ રહ્યો છે, એ ચીજ શું છે ? ભગવાન એમ કહે છે, કે એ જ્ઞાન છે, એ આત્મા છે, એ સિવાય બીજું કાંઈ નથી. તું ભૂલ્યો છો. અન્યથા માનવામાં તું ભૂલ્યો છો. બાકી એ જ્ઞાન જ છે અને આત્મા જ છે, બીજું કાંઈ નથી.

ઊંડો ઊતરીને તું જો, એમ કહે છે. તારા અનુભવમાં ઊંડો ઊતરીને તું જો કે તને શેનો અનુભવ છે ? જ્ઞાનનો છે ? રાગનો છે ? કે રાગના વિષયરૂપ પુદ્‌ગલ પદાર્થોનો છે ? તને શેનો અનુભવ થાય છે ? કોઈ એમ કહે કે ગરમી (લાગે છે). અગ્નિની ગરમી સ્પષ્ટ લાગે છે. એ હાથમાં સળગતો કોલસો પકડે તો એ કાંઈ આત્માને ગરમીનો અનુભવ નથી થતો ? હાથ બળી જાય, ફોડલા પડે, બળે. હાથમાં સળગતો કોલસો રાખ્યો હોય તો હાથ બળે, પણ જ્ઞાન બળે કે ન બળે ? ન બળે ?

પાંચ પાંડવોને સળગતા અલંકાર, લોઢાના સળગતા ધગધગતા અલંકાર પહેરાવ્યા હતા. જો આત્મા સળગતો હોત ત્યાં મોક્ષદશા પૂર્ણ પવિત્ર દશા પ્રગટ ન થાત. આત્માને એનો અનુભવ થતો હોત તો જ્ઞાનમાં સ્થિર ન રહી શકાત. તે આત્માઓ જ્ઞાનમાં સ્થિર રહ્યા, એ એમ બતાવે છે કે એના અનુભવથી ભિન્ન રહી શકાય છે. એ સ્પષ્ટ વાત છે. મુનિઓના તો એવા હજારો દૃષ્ટાંતો છે કે શરીરના છેદન, ભેદન, તાડન અને એના ટુકડા-ટુકડા, ફૂરચા કરી નાખે, ચેપી નાખે, દાબી નાખે, ઘાણીમાં ઘાલીને માથું પીસી નાખે, છતાં આત્મસ્થિરતા ન છોડે અને એ વખતે ઊલટાનો પુરુષાર્થ વધીને સ્વરૂપસ્થિરતામાં વિશેષ-વિશેષ લિન થાય, વિશેષ નિમગ્ન થાય, મગ્ન થાય એવી દશા આત્મા સ્વતંત્રપણે પ્રગટ કરે છે, પ્રગટ કરી શકે છે અને પ્રગટ કરે છે. એ એના પોતાના નિજ સામર્થ્યનો સવાલ છે. એમાં કોઈનો હસ્તક્ષેપ કામ આવે એવું બનતું નથી.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– છે. પણ એમ પરમાત્મતત્ત્વ છે કે નહિ ? પરમાત્મતત્ત્વ એનામાં છે કે નહિ ? તો છે એ કહે છે એમાં ક્યાં વાંધો છે ? એ શિષ્ય નથી. ગુરુ એમ કહે છે, કે તું મારો શિષ્ય નહિ અને હું તારો ગુરુ નહિ. 'સમયસાર'ની પહેલી ગાથામાં એ વાત સ્થાપી, હું પણ સિદ્ધ અને તું પણ સિદ્ધ. સિદ્ધપદને જ સ્થાપ્યું છે. પ્રભુ કહો કે સિદ્ધ કહો. આટલી વાત છે. છે કે નહિ ?

પરમાત્મપણું હોવા છતાં... અને ભગવાન તો એનું પરમાત્મપણું જોવે છે એટલે કહે છે, કે હોવા છતાં તું નથી માનતો એ તારી ભૂલ છે. તું નથી સ્વીકારતો એ તારી ભૂલ છે. પણ તું ભૂલ કરતો હતો એ મટી જાય, એનો નાશ થાય, એનો અભાવ થાય એવું તો કાંઈ બનતું નથી. ઘરમાં દાટેલી દોલતની ખબર ન હોય એટલે એ કાંઈ કાંકરા નથી થતા. દૌલત દૌલત જ છે. એનું ભાન થાય તો એનો ઉપભોગ થવાનો અવસર છે. જો ભાન ન થાય તો એનો ઉપભોગ થવાનો અવસર નથી. એટલે એને નહિ હોવા બરાબર કહેવામાં આવે છે. ભીખ માગ્યા કરે. એમ આ જીવ દીનતા કરે છે, કે મને આ જોઈએ... મને આ જોઈએ, આના વિના મને ચાલે નહિ. એવું જે દીનપણું, લાચારપણું, પામરતા

એને આવે છે એ પોતાની પ્રભુતાને ભૂલીને આવે છે. જો પોતાની પ્રભુતાના સભાનમાં હોય તો એને પામરતા ઊડી જાય છે.

સાધક જીવો પામર નથી. એટલે તો 'મુનિ શાર્દુલ' એમ કહે છે, હે મુનિશાર્દુલ ! શાર્દુલ એટલે સિંહ. જેમ જંગલમાં જંગલનો રાજા મસ્ત થઈને ફરે. છે એને કોનો ભય ? સિંહને કોઈનો ભય છે ? કે કો'ક શિયાળિયુંઆવીને બટકું ભરી જશે તો ? હરણિયું આવીને ક્યાંક શીંગડું મારી જશે તો ? એમ મુનિ છે એ આત્માની મસ્તીમાં સિંહની જેમ જંગલમાં ફરે છે. એને ભય નથી કે કાંઈક થશે તો ? એ પ્રશ્ન જ નથી. કાંઈક થવાનો પ્રશ્ન જ મારામાં નથી. ચૈતન્યવજ્ર મારું શરીર છે. એને જ્ઞાનશરીર કહે છે. જ્ઞાન-વિગ્રહ. વિગ્રહ. સંસ્કૃતમાં વિગ્રહ શબ્દ છે. વિગ્રહના બે અર્થ થાય છે. વિગ્રહ એટલે લડાઈ અને એક વિગ્રહ એટલે શરીર. જ્ઞાનવિગ્રહ છે. એ જ્ઞાન છે એ વજ્ર જેવું છે. જ્ઞાનશરીર છે એ વજ્ર જેવું છે. એને કાંઈ કોઈ સ્પર્શી શકે, અડી શકે નહિ પછી એને હાનિ કરે, એને કાંઈ નુકસાન કરે, એનો નાશ કરે એ તો કાંઈ વિચારવા જેવો વિષય રહેતો નથી. કોઈ એને સ્પર્શી શકતું નથી. એવા પોતાના સ્વરૂપમાં સ્થિર છે.

એ ગુરુ એમ કહે છે, એ પોતે અનુભવીને એમ કહે છે, કે **'અનુભૂતિસ્વરૂપ...'** પોતે સ્વયં અનુભૂતિનો પિંડ છે. એના અનુભવને મટાડી શકાય એવું નથી. **'અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા અનુભવમાં આવવા છતાં પણ તું તેને દેખતો નથી.'** અનુભવાઈ રહ્યો હોવા છતાં તું તેને દેખતો નથી.

એકવાર પ્રવચનમાં 'ગુરુદેવશ્રી'એ એ વાત કરેલી કે જેમ કોઈ એમ પૂછે, કોઈ ચીજને ચાવતો હોય. ચાવતા-ચાવતા જીભ ફેરવતા-ફેરવતા એમ પૂછે, કે આ જે હું ચાવી રહ્યો છું એનો સ્વાદ તો મને કોઈ બતાવો. પણ ભાઈ! તારા મોઢામાં તું સ્વાદ લે છો અને એનું વર્ણન અમે તને કરી દેખાડીએ ત્યારે તને ખબર પડે ? આ તે કઈ જાતની વાત છે ?

એમ તને જ્ઞાન સદાય સ્વાદમાં આવી રહ્યું છે. એનો આસ્વાદ તપાસવાને બદલે, એનો આસ્વાદ અંતર અવલોકનમાં લેવાને બદલે તું અમને આવીને એમ પૂછે છો ? ગુરુ એમ કહે છે. શાસ્ત્રને આવીને એમ પૂછે છે, ગુરુને આવીને એમ પૂછે છે કે મને આત્માનો અનુભવ કેમ થાય ? અનુભવ એટલે આસ્વાદ. આત્માનો સ્વાદ કેમ આવે ? આ વાત કઈ જાતની છે ? ભાઈ ! ભગવાન આત્મા તને સદાય અનુભવમાં આવી જ રહ્યો છે એમ કહે છે.

'અનુભવપ્રકાશ'માં એક દૃષ્ટાંત લીધું છે. કોઈ ગુરુ પાસે, સંત પાસે જાય છે (અને કહે છે), મને જ્ઞાન કરાવો. તો (ગુરુ) કહે છે, કે જ્ઞાન લેવા માટે હું તને મોકલું એની પાસે જા. ભલે. જેવી આપની આજ્ઞા. ફલાણી જગ્યાએ દરિયામાં કિનારે જઈને ઊભો રહે. ત્યાં એક માછલી છે. એ માછલી તું જઈશ એટલે કાંઠે આવીને ઊભી રહેશે. એને પૂછજે કે મને જ્ઞાન કરાવો. એવું દૃષ્ટાંત લીધું છે. માછલી પણ એના વખાણ કરે છે, કે આપ લાગો છો કોઈ સજ્જન. ઠીક. કેવી શૈલી લીધી છે ! સજ્જન માણસોનું એ કાર્ય છે કે બીજાના કામ પણ એ કરી દે. તમે અમારું એક કામ કરો, અમે તમારું કામ કરી દેશું. એમાં મને શું વાંધો ? મારાથી થઈ શકે એવું છે તો હું કરી દઈશ. મારે પાણી જોઈએ છે. એક પાણીનો લોટો લાવી દ્યો. પાણી વગર મને ક્યાંય સોહાતું નથી. તો કહે છે, શું વાત કરો છો ? કે આવડો મોટો પાણીનો દરિયો, અને તમે મારી પાસે પાણી માગો છો ? પાણીમાં તો ડૂબેલા છે. બસ કહે આ જ હું કહેવા માગુ છું. અંદર જ્ઞાનનો સમુદ્ર હિલોળા લ્યે છે અને એ જ્ઞાનના સમુદ્રમાં આત્મા ડૂબેલો છે અને તમે અમને એમ પૂછો છો કે અમને જ્ઞાન કરાવો, જ્ઞાન બતાવો. તમે સ્વયં જ્ઞાનરૂપે છો. એવું એક દૃષ્ટાંત આપ્યું છે. બસ, આટલી વાત છે. અંદરમાં પડખું ફેરવે એટલી જ વાર છે.

પર્યાયબુદ્ધિને વશ... કેમ દેખતો નથી ? કે પર્યાયબુદ્ધિને વશ વર્તમાન પ્રગટ ઉત્પાદ-વ્યય જેટલો ભાવ છે એ ત્યાં પકડાણો છે. વેદનરૂપ ભાવ એટલો જ છે એને. અને એમાં પણ સ્વસ્વરૂપનું જ્ઞાન નહિ હોવાથી રાગવેદનને મુખ્ય કરે છે, વિભાવના વેદનને

મુખ્ય કરે છે. મુખ્ય કરે છે, હોં! વેદાય છે તો એને જ્ઞાન. પણ વિભાવના જ્ઞેયને મુખ્ય કરે છે. જ્ઞેયમાં એની નિષ્ઠા હોવાથી 'પ્રવચનસાર'માં એને જ્ઞેયનિષ્ઠ આત્મા કહ્યો છે. મિથ્યાદૃષ્ટિને કેવો કહ્યો છે ? જ્ઞેયનિષ્ઠ કહ્યો છે. નિષ્ઠા એટલે શ્રદ્ધા. શ્રદ્ધા એટલે હુંપણાનો એમાં ભાવ. જ્ઞેયનિષ્ઠપણું હોવાથી રાગની મુખ્યતા કરીને એ જ્ઞાનને ભૂલે છે, ચૂકી જાય છે. નાશ નથી કરી શકતો પણ એ ભૂલી જાય છે. એટલે દેખતો નથી. કેમ દેખતો નથી ? કે પર્યાયબુદ્ધિને વશ થઈ જવાથી. પછી એ પર્યાયબુદ્ધિનો બહુ વિશેષ વિસ્તાર થાય છે, ત્યારે રાગના વિષયમાં શરીર અને પરપદાર્થોમાં પોતાપણારૂપ અભ્યાસ કરે છે કે આ શરીર તે હું છું, મનુષ્ય તે હું છું અને આટલું... આટલું... આટલું... આટલું... છે તે બધું મારું છે. એવું એ નક્કી કરે છે. જગત ને એની સૃષ્ટિ નક્કી કરે છે કે આટલું-આટલું મારું છે. આ સિવાયનું મારું નથી. છતાં જે મારું નથી એને હું મારું કરવાનો પ્રયત્ન કરું તો એટલું મારા માટે સારું. એટલું એ વધારે ને વધારે વધારતો જ જાય છે. પછી એ દિશામાં આગળ વધે છે. કે આટલું મારું છે અને એ સિવાયનું બીજું બધું હું મારું કરું તો એટલું મારા માટે સારું. એ સારું કરવા એ મથે છે. એમાં ને એમાં એવા કર્મનું નિબંધન કરે છે, કે ફરીને એને હું આત્મા છું એવી સૂઝ આવવી મુશ્કેલ પડી જાય છે. એ પરિસ્થિતિમાં એની દશા અવરાઈને બીડાય જાય છે.

કેમ દેખતો નથી ? અનુભવમાં આવવા છતાં કેમ દેખતો નથી ? **'કેમ ?—કે પર્યાયબુદ્ધિને વશ થઈ જવાથી...'** પર્યાયબુદ્ધિને એ વશ હોવાથી **'પરદ્રવ્યોની સાથે...'** પછી વિશેષપણે બીજા પદાર્થોની સાથે પણ **'એકત્વબુદ્ધિથી સ્વદ્રવ્યને દેખી શકતો નથી.'** સ્વદ્રવ્યને દેખી શકતો નથી. સ્વદ્રવ્યના ભાવરૂપ જ્ઞાનને પણ દેખી શકતો નથી. હું જ્ઞાનસ્વરૂપે છું કે નહિ એ વાત જ એને રહેતી નથી. એ નિઃશંકપણે વર્તે છે. પરભાવમાં અને પરદ્રવ્યમાં પોતારૂપે નિઃશંકપણે વર્તે છે. એને ક્યાંય શંકા પણ પડતી નથી.

જગતમાં આમ જોવે છે, કે આ ફલાણાએ દેહ છોડ્યો. હવે એનું અસ્તિત્વ નથી. એ તો એને સમજણમાં આવે એ રીતે એ પ્રસંગમાં એને હાજરી આપવી પડે છે. ખ્યાલ આવે છે કે નહિ ? છતાં હું આત્મા દેહસ્વરૂપે છું કે કેમ ? એની શંકા પણ કરતો નથી. અંદરમાં જે તિરાડ પડવી જોઈએ. શરીર અને શરીરસુખ, જ્યાં જ્યાં એને સુખનો આભાસ થાય છે એમાં એને શંકા પડવી જોઈએ, કે આ તે સુખ છે કે દુઃખ છે ? આ આત્મા છે, આ હું છું કે આ હું નથી ? આવું હું કે આવો હું નહિ ? એકવાર જો અંદરમાં તિરાડ પડી જાય તો એનું જોશ છે એ તૂટી જાય, એ બાજુનું જોર તૂટી જાય. માણસ નથી કહેતા, કે શંકાની તિરાડ પડે ને પછી માણસ બીજી રીતે વિચારતો થઈ જાય છે. એમ એને આ આત્મા હું છું કે હું શરીર છું. એ વચ્ચે એની તિરાડ પણ પડી નથી. એણે શંકા પણ કરી નથી. નિઃશંકપણે વર્તે છે. નિઃશંકપણે વર્તે છે એટલે એમ ને એમ અનંત કાળ ચાલ્યો જાય છે.

શું કહે છે ? કે **'પર્યાયબુદ્ધિને વશ થઈ જવાથી...'** પર્યાય જેવડો જેટલો હું એમ **'પર્યાયબુદ્ધિને વશ થઈ જવાથી...'** **'पर्यायमूढ़ा हि परसमयाः'** 'પ્રવચનસાર'માં એ સૂત્ર લીધું. જે પર્યાયમૂઢ છે-પર્યાય જેવડો જ પોતાને માને છે (તે) પરસમય છે. એને સ્વસમય એટલે જૈનમતમાં એને ગણતા નથી. હું શરીરરૂપે નથી, તો પછી ગૃહસ્થ અને ત્યાગી છું એ વાત પણ રહેતી નથી. પંડિત અને વિદ્વાન છું એ વાત રહેતી નથી. પછી વેપારી છું એ પ્રશ્ન રહેતો નથી.

આત્મા છું એટલે જ્ઞાનસ્વરૂપી આત્મા છું. ભલે લોકો વ્યવહાર બીજી રીતે કરે. એ વ્યવહાર કરવાની મર્યાદાનો વિષય થઈ ગયો, એ વ્યવહારમાત્ર છે. ખરેખર હું એવો નથી. એમ એને અંદરમાં પર્યાયબુદ્ધિ છૂટીને જ્ઞાનસ્વભાવમાં સ્વપણાની બુદ્ધિ થવી ઘટે છે. એને આત્મજ્ઞાન અને આત્મદર્શન કહેવામાં આવે છે. એ સાધ્ય આત્માની સિદ્ધિનો ઉપાય છે. અહીંયાં એ વિષય લેવો છે. સાધ્ય આત્માની એ રીતે સિદ્ધિની ઉપપત્તિ છે.અન્યથા અનુપપત્તિ છે. એવા મુળ શબ્દો શાસ્ત્રમાં છે. ઉપપત્તિ એટલે પ્રાપ્તિ. ઉપર થયો.

મુમુક્ષુ :– અત્યારે વાંચન ચાલે છે એમાં આપણા પ્રયોગમાં ઉતારીએ આનું વર્ણન....

પૂજ્ય ભાઈશ્રી :– તો આ શબ્દ છે એનો અનુભવ નથી થતો પણ જ્ઞાનનો અનુભવ થાય છે. શું થાય છે ? શબ્દ જેમાં પ્રતિબિંબિત થયા છે એવા જ્ઞાનનો અનુભવ થાય છે. શબ્દના જ્ઞાનનો નહિ પણ જ્ઞાનના જ્ઞાનનો અનુભવ થાય છે. કેમ કે શબ્દનું જ્ઞાન નથી. શબ્દ દ્વારા જ્ઞાન રચાયેલું નહિ હોવાથી તે શબ્દનું જ્ઞાન નથી. પણ જ્ઞાન દ્વારા જ્ઞાન રચાયેલું હોવાથી તે જ્ઞાનનું જ્ઞાન છે. જ્ઞાન કોનું છે ? કે જ્ઞાનનું છે. જ્ઞાન શબ્દનું નથી. કેમ કે શબ્દસ્વરૂપે જ્ઞાન નથી થતું. જ્ઞાન જ્ઞાનરૂપે રહે છે અને જ્ઞાનનો જ્ઞાનમાં અનુભવ આવે છે. એમ અંદરમાં જ્ઞાનને જ્ઞાન ઉપરની બરાબર પક્કડ આવવી જોઈએ. જ્ઞાનને જ્ઞાનની પક્કડ આવ્યા વિના, જે ઊંધી પક્કડ છે એમાં શું ફેર થવાનો ? એને જ્ઞેયની પક્કડ છે એ જ્ઞેયની પક્કડ મટતી નથી. આગળ એક ૩૫૫ બોલમાં એક વાત બહુ સારી લીધી છે.

૩૫૫માં. જ્ઞાની છે... ત્યાં જ્ઞાનીની વાત ચાલે છે. **'ધ્યાનમાં ઉતરે...'** છેલ્લી બે લીટી છે. જ્ઞાની **'ધ્યાનમાં ઉતરે ત્યાં જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય એક થઈને આનંદનો રસ આવે, એટલી મોકળાશ રાખીને રાગમાં-બહારમાં આવે છે.'** આમ કહેવું છે. આ જે પાછળ કહ્યું છે એ પહેલા કહીએ. જ્ઞાનીને રાગ છે ને ? જ્ઞાનીને મન-વચન-કાયાની ક્રિયા દેખાય છે ને ? તો કહે છે, કે એ જેટલો બહારની પ્રવૃત્તિમાં જ્ઞાની દેખાય છે એમાં એણે મોકળાશ રાખી લીધી છે. મોકળાશ એટલે સમજો છો ? અવકાશ-જગ્યા. એટલી જગ્યા રાખીને બહાર આવે છે. કેટલી જગ્યા રાખીને બહાર આવે છે ? કે જ્યારે એ ધ્યાનમાં બેસે ત્યારે એકાકાર થઈને આનંદનો રસ લે એટલી જગ્યા રાખીને.

જેમ માણસ કહે છે, કે તમે ગમે તેટલી મીઠાઈ પીરસો, ગમે તેટલું જમાડો, પણ અમારે દાળ-ભાત તો ખાવા પડશે. એટલી જગ્યા રાખીને આ ખાવાનું છે. નાસ્તો કરે ત્યારે દાળ-ભાત ન ખાય. નાસ્તામાં દાળ-ભાત ન હોય. જમવા બેસે તો ? ગમે તેટલું ખાય તો દાળ-ભાતની જગ્યા રાખીને ખાય. કે નહિ ?

એમ અહીંયાં કહે છે, કે જ્ઞાની બહારમાં પ્રવર્તે છે એ ધ્યાનમાં ઉતરે ત્યારે આનંદનો રસ લઈ શકે એટલી મોકળાશ રાખીને બહાર આવે છે. પહેલેથી એટલી જગ્યા રાખી લ્યે છે. એમ ને એમ પૂરેપૂરો ઉલજીને જે અજ્ઞાની પડે છે એમ એ પડતા નથી. આટલી જગ્યા છે. કેવી કેવી વાતો 'ગુરુદેવ' કરતા ગયા છે !

કહે છે, કે એટલી જગ્યા રાખવી જોઈએ. ભલે બાહ્ય પ્રવૃત્તિ ઉદય અનુસાર આંશિકપણે થવી હોય તે થાવ, કરવી નથી પણ થવી હોય તે થાવ પણ મૂળ વાત છે શ્રદ્ધાએ કરીને, જ્ઞાને કરીને, ચારિત્રએ કરીને, આચરણે કરીને આત્માને વળગીને રહેવું છે. એવું જે વળગીને અંદરમાં રહેવું છે એ છોડીને કરવું નથી. એ પ્રકારે એને અંદરમાં ગાંઠ વળી જવી જોઈએ. એ ગાંઠ ન છૂટે. પછી થાવું હોય તે થાવ અને ન થાવું હોય તે ન થાવ. આખું જગત ઉથલપાથલ થઈ જાવ તો ભલે થઈ જાવ, આ ગાંઠ છોડવી નથી. એવી અંદરમાં સમ્યગ્દર્શ-જ્ઞાન-ચારિત્રની આત્મા સાથે ગાંઠ મારી છે. **'सहि मुक्त एव'** એને કહે છે કે એ મુક્ત જ છે. હવે એને બીજું બંધન છે નહિ. બીજું કોઈ બંધન એને નથી. એને બંધનમાં જ ગણતા નથી.

મુમુક્ષુ :– જ્ઞાનીની સામે અજ્ઞાનીને એવી પ્રવૃત્તિ થઈ શકતી નથી એમાં રાગની મુખ્યતા છે.

પૂજ્ય ભાઈશ્રી :– પોતાને ભૂલ્યો છે પછી ઉદયભાવને મુખ્ય કરે છે. એને ઉદય સર્વસ્વ થઈ પડ્યું છે. આત્મામાં સર્વસ્વપણું નથી. આ નથી કરતો. છે ખરું એનું સર્વસ્વપણું તો આત્મામાં જ છે. અનંત ગુણોનું સર્વ-સ્વ તો એનો આત્મા જ છે. અનંત ગુણોરૂપ સર્વ, સર્વ ગુણોનું સ્વપણું તો આત્મા જ છે. સર્વસ્વ એવો જે પોતાનો આત્મા એને ભૂલ્યો એટલે બહારમાં ઉદયભાવમાં સર્વસ્વપણું કરે છે. એને ઉદય જ સર્વસ્વ થઈ પડે છે. ત્યારે મોટી ગડબડ થાય છે. પડખું ફેરવવાનું છે. જ્ઞાન લક્ષણથી લક્ષિત... આ લીધું ને જુઓ !

**'જ્ઞાનલક્ષણથી લક્ષિત ચૈતન્યસ્વભાવનો અનુભવ**

**થતાં આ અનુભૂતિ તે જ હું છું એમ સમ્યગ્જ્ઞાન થાય છે.'** ક્યારે એને જ્ઞાન પ્રગટ નથી ? જ્ઞાનલક્ષણથી લક્ષ કરવું એટલે એને જ્ઞાન સાધન થયું એને. ક્યારે એની પાસે સાધન નથી ? કે નિરંતર એને જ્ઞાનલક્ષણ મોજૂદ છે, પ્રગટ છે, હયાત છે. ક્યારેય એને સાધનને શોધવા જવું પડે એવું નથી. આત્મામાં જે અનંત શક્તિઓ છે એમાં સાધન નામની શક્તિ છે. શાસ્ત્ર પરિભાષામાં એને કરણશક્તિ કહી છે. કરણ એટલે સાધન.

કોઈ બીજા સાધનાંતરની આ આત્માને અપેક્ષા નથી. આ પરિસ્થિતિ છે. કે કોઈ બીજું સાધન મળે તે દિ' એ કાર્ય કરી શકે, અનુકૂળતાઓ બહારમાં થાય તે દિ' ધર્મ થાય. તો તો કોઈને ધર્મ થાય નહિ. કેમ કે કોઈને પૂરી અનુકૂળતા જ થતી નથી. બધા એમ કહે છે કે હજી આટલું મારે બાકી છે, હજી મારે આટલું બાકી છે. કોઈને પૂરું પડતું નથી. પણ કોઈ સાધનની અપેક્ષા વિના...

આ શરીરને તો સાધન કહ્યું છે. **'શરીરાદ્ય ખલુ ધર્મ સાધનમ્'** 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં 'અમૃતચંદ્રાચાર્યે' આ વાત કરી છે. આત્માના અંતરના ધર્મની વાત નથી. બહારમાં જે યમ, નિયમ, સંયમ આદિ વ્યવહારધર્મ છે એમાં શરીર સાધનની અપેક્ષા છે. આત્માના ધર્મને કોઈ શરીરસાધનની અપેક્ષા નથી. આમ છે.

બહારમાં મુનિપણું આદિ અંગીકાર કરે તો એનો જે નિર્દોષ બાહ્ય ચારિત્રનો વ્યવહાર છે એ બધામાં એને શરીરસાધનની અપેક્ષા છે. એટલે તો મુનિને શરીરની અસ્વસ્થતા અમુક હદે થાય, કે હવે બાહ્ય સંયમની અંદર ભગવાન જિનેન્દ્રદેવે કહ્યો છે એવો જિનોક્ત વ્યવહાર જળવાશે નહિ, ત્યારે એ મુનિ સંલેખના ધારણ કરે છે. પછી આયુષ્ય ઘડીકનું હોય કે વર્ષોનું હોય. આયુષ્ય હોય ત્યાં સુધી શરીર ટકવાનું છે, આહાર પ્રમાણે નહિ. સંલેખના ધારણ કરે છે. એનું કારણ શું છે ? કે પછી એને શરીરથી બાહ્ય ધર્મ કરવો, આચરણ કરવું એ પ્રશ્ન એને માટે રહેતો નથી. ખલાસ. ત્યાં આહાર છોડ્યો, પાણી છોડ્યું. પછી બીજી શી પ્રવૃત્તિ કરવાની રહી ? કે કોઈ પ્રવૃત્તિ એને કરવાની રહેતી નથી. ખલાસ. આયુષ્ય હોય ત્યાં સુધી એ પોતાના સ્વરૂપ સાધનમાં અંદરમાં સ્વરૂપસાધનમાં લાગેલા રહે છે.

ભગવાન 'મહાવીર સ્વામી' સિંહના ભવમાં સંલેખના કરી હતી. તિર્યંચ છે અને સંલેખના કરી છે. કેમ કે સિંહ તો ખડ ખાય નહિ. બીજાએ મારેલું પ્રાણી ન ખાય. પોતે મારીને ખાય. રાજા. મુખ્ય વૃત્તિ છે ને એની ? બીજા મારે અને હું ખાવ, બીજા મને લાવી દે એ વાત નહિ. એને પોતાને ભૂખ લાગે ત્યારે શિકાર કરે. સમ્યગ્દષ્ટિને તો અભક્ષ આહાર હોય નહિ. મદ્ય, માંસ, દારૂ એને હોય નહિ. સંલેખના કરી લે. આજીવન પર્યંત બીજું કાંઈ નહિ. ત્યાં માંદગી નથી આવી. આજીવન પર્યંત આહાર-પાણીનો ત્યાગ. ખલાસ. ભલે આયુષ્ય જ્યારે પૂરું થવું હોય ત્યારે થાવ. એ તો પૂર્વકર્માનુસાર છે. એ તો જેટલું આયુષ્ય લઈને આવ્યા છે એટલો સમય ત્યાં વ્યતીત થયે છૂટકો છે. ચાહે સિંહનો ભવ હોય કે ચાહે તીર્થંકરનો ભવ હોય.

'સીમંધર' ભગવાન લાખ પૂર્વ સુધી અરિહંતદશામાં બિરાજમાન રહેશે. ચોર્યાશી લાખ પૂર્વનું આયુષ્ય હોય છે. 'ઋષભદેવ' ભગવાનને પણ એમ જ હતું ને. ૮૩ લાખ પૂર્વ છે (એ) છદ્મસ્થ અવસ્થામાં છે. એક લાખ પૂર્વ છે એ અરિહંત અવસ્થામાં છે. આયુષ્ય હોય ત્યાં સુધી શરીર ટકે છે, આહારને કારણે શરીર ટકતું નથી. ત્યાં ક્યાં આહાર છે. એક લાખ પૂર્વ સુધી તો આહાર પાણી નથી ત્યાં. ધ્યાનસ્થ અવસ્થામાં છે. નિરવશેષ અંતર્મુખ છે. જરા પણ બહિર્મુખ નથી.

મુમુક્ષુ :- જ્ઞાનલક્ષણમાં એ ઉદયમાં જ્યારે પ્રવર્તમાન છે ત્યારે જ્ઞાનલક્ષણનું કાર્ય ચાલે છે ? પણ એને લક્ષમાં નથી આવતું એટલી જ રીતે વિચારી શકે છે, બીજી રીતે...

પૂજ્ય ભાઈશ્રી :- પણ હું માણસ છું એવું ક્યાં યાદ રાખવું પડે છે ? ફલાણો માણસ છું, મનુષ્ય દેહધારી છું એવો વિકલ્પ એને ક્યારે કરવો પડ્યો ? છતાં ભાનમાં છે. કોઈ એને પશુ તરીકે સંબોધન કરે જોઈ. એની જાગૃતિ તરત એમ કહેશે, ભાઈ ! તમે ભુલો

છો. તમને ભાન નથી. મને ભાન છે કે હું મનુષ્ય છું તમને ભાન નથી એમ કહેશે. એનો અર્થ શું છે ? કે સ્વરૂપે પોતે છે એવું જેણે શ્રદ્ધાએ, જ્ઞાને અને આચરણે કરીને સ્વીકાર્યું છે એનો વિકલ્પ ઉઠાવવાની જરૂર નથી. વિકલ્પ ઉદયનો ભલે હોય. ઉદયના વિકલ્પથી કાંઈ આ ભૂલી જવાય એવું છે નહિ. એટલું બળ એક વખત એને અપૂર્વ પુરુષાર્થથી આત્મામાં આવવું જોઈએ.

અમારે અહીંયાં એ વિષય વચમાં ચાલી ગયો છે, કે લોકોને ખબર નથી કે સમ્યગ્દૃષ્ટિ કેટલો પુરુષાર્થ કરીને સમ્યગ્દર્શન પામ્યો છે. એની એને ખબર નથી. જો એના અંતરંગ પુરુષાર્થના એને દર્શન કરાવવામાં આવે તો એનું મસ્તક નમ્યા વિના રહે નહિ.

વચમાં એ પ્રશ્ન ચાલ્યો હતો ને કે સમ્યગ્દૃષ્ટિના દર્શન કરવા કે ન કરવા ? તો કહે છે, કે 'શાંતદશા તિનકી પહચાની કરે કર જોડી બનારસી વંદન.' એ તો સમ્યગ્દૃષ્ટિ છે. સમ્યગ્દૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિને વંદન કરે છે. શું કરવા કરે છે ? કે એની અંદરની શાંતિ જે એણે પ્રાપ્ત કરી છે, એ દશાની અંદર એણે કેટલો પુરુષાર્થ કરીને એ શાંતિ પ્રગટ કરી છે ! શાંતિ જે શક્તિરૂપે પડી હતી એ અંદરનું પાતાળ ફોડ્યું છે એણે. એ પાતાળ ફોડવાનો જે અંદરની પુરુષાર્થની પ્રક્રિયા છે એ જોવે એને એનું મસ્તક નમ્યા વિના રહે નહિ. આ એની સ્થિતિ છે. એ તો સમ્યગ્દૃષ્ટિ સમ્યગ્દર્શનને નમે છે. મિથ્યાદૃષ્ટિને તો સ્વચ્છંદને વશ વિકલ્પ આવે છે કે આમ દર્શન ન કરાય કે કરાય એ શંકાનું સ્થાન થાય છે ત્યાં સ્વચ્છંદનો પ્રકાર ઉત્પન્ન થઈ જાય છે.

કહે છે, કે પછી એ સહજમાં આવે છે. એટલા પુરુષાર્થના તબક્કામાં એકવાર સ્વરૂપને વિષે નિર્વિકલ્પ થાય પછી એ નિર્વિકલ્પતા એની પરિણતિમાં જળવાઈ રહે છે. ઉપયોગે કરીને એકવાર નિર્વિકલ્પ થાય, એમ છે. સમ્યગ્દર્શનના કાળમાં શુદ્ધોપયોગ નિર્વિકલ્પ ઉપયોગે કરીને એક વાર નિર્વિકલ્પ થાય, તો એ નિર્વિકલ્પતા એની પરિણતિમાં જળવાઈ રહે. પછી બીજા વિકલ્પ ઉદયમાન કાર્યોના એને હોય તો પણ એની નિર્વિકલ્પ પરિણતિ જળવાઈ રહે છે. મુખ્ય પરિણતિ છે, નિર્વિકલ્પ પરિણતિ છે એ મુખ્ય પરિણતિ છે, એ મુખ્ય પરિણતિ અનુસાર બધું કાર્ય થતું જોવામાં આવે છે. બહારનું કોઈ કાર્ય એ કરે છે એમ એને લાગુ કરાતું નથી. બોલે છે પણ બોલતો નથી અને ખાય છે પણ ખાતો નથી, એમ કેમ કહ્યું ? ખાય તો છે. ચાલે છે પણ ચાલતો નથી. એ મુખ્ય પરિણતિ નથી. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન પંચમ ગુણસ્થાન સુધી સાધકને છે.

મુમુક્ષુ :– .. બહુ આકરું પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :– આકરું નહિ. એ મોકળાશ રાખીને બહાર આવે છે, એ તો કહ્યું. ગુરુએ કહેવામાં કાંઈ બાકી નથી રાખી. મોકળાશ રાખીને બહાર (આવે છે). ધ્યાનમાં ઉતરે ત્યારે, બેસે ત્યારે નિર્વિકલ્પ થાય એટલી મોકળાશ રાખીને બહાર આવ્યો છે. એટલો બહાર આવ્યો જ નથી. એ તો તને ખબર નથી, એમ કહે છે.

કહે છે, કે એની નિર્વિકલ્પ જે પરિણતિ છે એ મુખ્ય પરિણતિ છે. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન ઉદયમાન ભાવોમાં થાય. શાસ્ત્રની અંદર આર્તધ્યાન અને રૌદ્રધ્યાનની ગતિ તિર્યંચ અને નારકીની લીધી છે. આર્તધ્યાનના ફળમાં તિર્યંચ ગતિ પ્રાપ્ત થાય અને રૌદ્રધ્યાનના ફળમાં નરકગતિ થાય, પણ સમ્યગ્દૃષ્ટિને એટલા આર્ત-રૌદ્ર થતાં નથી. આર્ત-રૌદ્ર થાય છે. પણ જેને નરક-તિર્યંચની ગતિનો બંધ પડે એ બંધ એને પડે નહિ. આટલો ફેર પડ્યો છે. આર્ત-રૌદ્ર જોશે. અંદરનો રસ કોણ જોશે ? અંદરનો રસ મરી ગયો છે એ કોઈ જોઈ શકતું નથી. આમ છે.

મુમુક્ષુ :– 'ભરત' અને 'બાહુબલી' બંને રૌદ્રધ્યાન કરે અને બંને મોક્ષે વયા જાય.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો ક્ષણિક થઈ ગયું. અમથું ઉપરનું, એમાં કાંઈ નથી.

મુમુક્ષુ :– એની એકની રૌદ્રધ્યાનની પ્રવૃત્તિ દેખાય, બીજાની પણ રૌદ્રધ્યાનની પ્રવૃત્તિ દેખાય.

પૂજ્ય ભાઈશ્રી :– બેમાં ફેર છે. મીંદડી બચ્ચાને પકડે અને ઉંદરડાને પકડે. ઉંદરડો લોહીલુહાણ થઈ

જાય તો પણ છોડે નહિ. અને મીંદડીનું બચ્ચું હોય એને એની દાઢ બેસવી ન જોઈએ, ચામડી ઉપર બેસવી ન જોઈએ એવી રીતે પકડે. જોનારો એમ જોવે કે બેયને મોઢામાં પકડ્યું છે. પણ પકડ-પકડમાં ફેર છે. એમ છે.

મુમુક્ષુ :– બંનેની નિરંતર પરિણતિ ચાલતી હોય.

પૂજ્ય ભાઈશ્રી :– બરાબર ચાલતી હોય. ચાલતી હોય નહિ. ધોધબંધ ચાલતી હોય છે. ધોધબંધ ચાલતી હોય છે. કાંઈ સંતાઈને ચાલતી હોય છે એમ નથી. ધોધ છે, અનંત ગુણના પ્રવાહનો એ ધોધ છે. 'સર્વગુણાંશ તે સમ્યક્ત્વ' છે એમાં અનંત ગુણનો ધોધનો પ્રવાહ છે. જેમ ધોધ પડે એમાં શક્તિ હોય છે. અંદરથી Electricity ઉત્પન્ન થાય. એમ આ ધોધની જેમ અંદર અનંત ગુણનો પ્રવાહ છે. એની અંદર શક્તિનું સામર્થ્ય ઘણું છે. જે ચાર ગતિના પરિણામના ભુક્કા બોલાવે છે. એ જગ્યા રાખે છે એમ તો કહે છે. જગ્યા રાખેલી છે.

મુમુક્ષુ :– સીધા અંદર ઉતરી ગયા.

પૂજ્ય ભાઈશ્રી :– ખલાસ. 'ભરતેશ વૈભવ' માં 'ભરત' ચક્રવર્તીની તો બહુ વાતો આવે છે. યુદ્ધમાં બેઠા હોય. લડાઈ કરતા હોય. આખો દિવસ યુદ્ધ કર્યું હોય. બાણ ઉપર બાણ છોડે ને નાળિયેરની જેમ માથા વધેરી નાખે. સાંજે યુદ્ધવિરામ થાય. એ બધા નીતિનિયમ હતા. કોઈ દગાદુગી ન કરે એમાં. સાંજે યુદ્ધવિરામ થાય સૂર્યાસ્ત વખતે. સંધ્યાની સામાયિકમાં બેસે એટલે નિર્વિકલ્પ ધ્યાનમાં આવે. આખો દિવસ ક્રોધ કર્યો. એ કર્યો એ ક્યાં ગયો. સાચું આ છે. ધ્યાનમાં બેસે એ ભેગા નિર્વિકલ્પ ધ્યાનમાં આવે છે. એમની ગૃહસ્થાશ્રમની સાધના એટલી બધી ઉગ્ર હતી કે જેવી દીક્ષા અંગીકાર કરી, એમને વ્યવહારચારિત્રમાં આવવું પડ્યું નથી. સાતમે ગુણસ્થાને નિર્વિકલ્પ ધ્યાનમાં દીક્ષા લઈને બેઠા કે ધડાધડ શ્રેણી માંડી. અરિહંત દશામાં (બિરાજમાન થઈ ગયા).

આમ તો ચોવીશ તીર્થંકરોનો મુનિનો કાળ બહુ ઓછો છે. જો એક Chart કરવામાં આવે કે આ તીર્થંકરનો અહીંયા જન્મ થયો પછી આટલા વર્ષ એમણે રાજ ભોગવ્યું. કેમ કે એ તો બધા રાજાઓ હતા ને એટલે રાજ ભોગવતા હતા. અથવા કોઈ બ્રહ્મચારી હોય તો પણ રાજકુમાર હતા. ત્યાર પછી મુનિદશા અને ત્યાર પછી એમની અરિહંતદશા. એ ચોવીસે ચોવીશનો જો એક Chart બનાવવામાં આવે તો બધાનો મુનિદશાનો કાળ બહુ ઓછો છે. કેટલાકને દિવસો છે તો કેટલાકને મહિનાઓ છે. કો'કને વર્ષો છે પણ એ બહુ ઓછા છે. એમના આયુષ્યના પ્રમાણમાં તો બહુ ઓછા વર્ષો છે. કેમ કે પહેલેથી જ એટલી સાધનામાં એ રહે છે કે મુનિદશામાં આવતા એમને કેવળજ્ઞાન લેતા વાર લાગતી નથી. એમ છે.

મુમુક્ષુ :– લડાઈ કરે અને સાંજે પાછું ધ્યાનમાં આવી જાય ...

પૂજ્ય ભાઈશ્રી :– અને (બીજા) નિર્વિકલ્પ ધ્યાનમાં ન આવે. જોર જોરથી જ્ઞાનીની જય બોલાવે, શાસ્ત્રની જય બોલાવે એમ કહે છે. ભગવાનની જય બોલાવે, ગુરુની જય બોલાવે. જય બોલાવે તો શું થયું ? જય બોલાવતી વખતે રાગમાં ઉલઝીને પડે છે. શું કરે છે ? રાગમાં એકાકાર થાય છે અને પેલા અશુભમાં પણ એકાકાર થતા નથી. અશુભ છે એ તો તીવ્ર કષાય છે.

મુમુક્ષુ :– આ જે કરે છે ...

પૂજ્ય ભાઈશ્રી :– સ્વચ્છંદ તો એ એના સ્વરૂપને બીજી રીતે કહે ત્યારે. જય બોલાવે નહિ પણ જય બોલાવાનો એને બીજો વિકલ્પ આવે. કે આ જય બોલાવાય કે ન બોલાવાય ત્યારે. જય બોલાવે ત્યાં સુધી તો સ્વચ્છંદ ન કહીએ. એ તો પ્રશ્ન એ જ ચાલ્યો ને કે દર્શન કરવા કે ન કરવા ? એ પ્રશ્ન ચાલ્યો છે. ભાઈ ! જેણે આખા જગતને અનિષ્ટ ગણીને 'જગત ઇષ્ટ નહિ આત્મથી', આખા જગતનો વિવેકનો સરવાળો આવીને આત્મામાં લીન થયા છે.

જીવ ક્યારે આત્મામાં લીન થાય છે આ વિચારવા જેવો વિષય છે. આ જગતની પાંચ ઇન્દ્રિયના વિષયોનું વૈવિધ્ય છે એ પણ એક જબરદસ્ત દુનિયા છે. એક સંગીત કર્ણેન્દ્રિયનો વિષય લઈએ તો એની મોટી દુનિયા છે. એક એક વિષયમાં એટલું વૈવિધ્ય છે. અને એ

જગતના જીવોને બધા વ્યામોહના સ્થાન છે. એ એને સોહાય છે, ઠીક લાગે છે. આ ઠીક છે એમાં આખે આખો પડે છે. એ આખા જગતનો સરવાળો એવો માર્યો છે, કે અહીંયાંથી એને પીઠ દીધી છે. આખા જગતને જેણે પીઠ દીધી છે એ આત્મામાં લીન થયો છે. એનો જે મહાવિવેક છે અને એનો જે એ સંબંધિત પુરુષાર્થ છે, સત્સંબંધિત પુરુષાર્થ છે, એને જ્ઞાનીઓ વંદે છે. જ્ઞાનીઓ એને નમસ્કાર કરે છે. એને તું અજ્ઞાની તે કોણ કે એમાં તું શંકા કર, એમ કહે છે. એવો તું કોણ કે તું એમાં શંકા કરે છે ? કે તારું કોઈ એની અંદર સ્થાન છે નહિ. એમ વાત છે.

મુમુક્ષુ :– મિથ્યાત્વનું જોર પ્રબળ વર્તતું હશે ને ?

પૂજ્ય ભાઈશ્રી :– હા. તીવ્ર મિથ્યાત્વનો પ્રકાર. શું કહે છે અહીંયાં ?

મુમુક્ષુ :– મોકળાશ રાખી એ બહુ સરસ વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :– કેવી કેવી વાતો કરી છે !

**ગુરુ અને શાસ્ત્ર તો દિશા બતાવે કે રાગાદિ તું નથી તેથી ત્યાંથી દૃષ્ટિ હટાવ અને ધ્રુવમાં દૃષ્ટિ લગાવ. કેમકે સ્થિર વસ્તુમાં દૃષ્ટિ સ્થિર થઈ શકશે અસ્થિર વસ્તુમાં દૃષ્ટિ સ્થિર ન થઈ શકે. ધ્રુવ સ્થિર વસ્તુ છે. તે પોતાના પરિણામમાં પણ આવતી નથી. તેથી તેના ઉપર દૃષ્ટિ દેવાથી દૃષ્ટિ સ્થિર થાય છે. એટલે કે સમ્યગ્દર્શન થાય.–એમ શાસ્ત્ર ગુરુ દિશા દેખાડે પણ કરવાનું તો એણે પોતે છે. એ સિવાય જન્મ-મરણના અંત નહીં આવે. ૩૫૩.**

**'ગુરુ અને શાસ્ત્ર તો દિશા બતાવે...'** છે. અંતર્મુખની જે દિશા, અનાદિથી જીવ જેનાથી અજાણ્યો છે એવી દિશા. એ દિશાની આંગળી ચીંધે છે. ગુરુ અને શાસ્ત્ર તો એને આંગળી ચીંધનારા છે, કે જો આમ અંતર્મુખ થવાય છે. 'યા વિધિ સંત કહે ધની હૈ ધની હૈ જિનવૈન બડે ઉપકારી' કીધું છે ને ? એ જે વિધિએ કહે છે, બસ ! એ એની દિશાસુચક છે. એની દિશા બતાવે છે. એ બહુ સારભુત વાત છે જરા.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– પોતાના દોષોનું અપક્ષપાતપણે જોવું થાતું નથી. આ સ્વચ્છંદ છે. શું કહે છે ? પોતાના દોષોનું નિષ્પક્ષ થઈને જોવું થાય. ક્યાં થાય છે ? કે જ્યાં જ્ઞાનને પકડે છે ત્યારે એને વિકલ્પમાત્ર, રાગનો કણમાત્ર દોષરૂપે દેખાય છે. એકલા જ્ઞાનને પકડે છે તો એ જ્ઞાનની જોડે ઉત્પન્ન થતો રાગાંશ છે એ એને દોષરૂપે દેખાય છે. આ દોષ છે. આ દોષ છે એટલે એ જ્ઞાનને જોનાર ત્યાંથી હટે છે, ત્યાંથી ખસે છે. ત્યાંથી એને ઉપાડ આવવો જોઈએ. સરવાળે વાત બધી ત્યાંજ આવીને ઊભી રહે એવું છે.

પોતાના દોષને અપક્ષપાતપણે જોવો તે સ્વચ્છંદ હણવાનો અંતરંગ ઉપાય છે. બહારમાં જ્ઞાનીની, સાધકની અત્યંત અત્યંત ભક્તિ થવી. એ કાલે લીધું હતું ને ? વિક્ષેપ મટવાનું સાધન છે. અત્યંત ભક્તિ થવી એ એને સ્વચ્છંદ મટવાનું સાધન છે. એ એનો બાહ્ય ઉપાય છે, આ એનો અંતરંગ ઉપાય છે.

મુમુક્ષુ :– અપક્ષપાતપણે એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :– અપક્ષપાતપણે એટલે જરાય એનું ઠીકપણું ન આવવું. પક્ષ ન થવો. એટલો તો હોય ને. પહેલા આવો વિકલ્પ તો મને આવે જ ને. મને પહેલા આટલો વિકલ્પ (તો આવે ને). ભાઈ ! પહેલા આટલો વિકલ્પ તો કરવો કે ન કરવો ? ભાઈનો પ્રશ્ન હતો. પણ એ રાગ કરવો આ સિદ્ધાંતમાં નથી. વીતરાગમાર્ગના સિદ્ધાંતમાં આદ્યો પાંત-શરૂઆતથી માંડીને છેડા સુધી રાગ કરવો એ શિક્ષા નથી, રાગ કરવો એ સિદ્ધાંત નથી, એ ઉપદેશ નથી. રાગ ટાળવો એ ઉપદેશ છે અને એ સિદ્ધાંત છે. એટલે પોતાના દોષને અપક્ષપાતપણે જોવો.

'શ્રીમદ્જી'એ ૨૫૪ નંબરના પત્રાંકમાં આ વાત લખી છે. ત્યારે એને સ્વચ્છંદ થોડો અથવા ઘણો હાનિ પામે છે. ત્યાં એવો શબ્દ પડ્યો છે. હજી પૂરો જતો

નથી. જ્યાં સ્વચ્છંદ થોડો અથવા ઘણો હાનિ પામ્યો છે, ત્યાં એને સામાન્યતઃ મુમુક્ષુતા ઉત્પન્ન થઈ છે એમ કહેવાય. જ્યાં સ્વચ્છંદ હાનિ પામતો નથી ત્યાં તો મુમુક્ષુતા પણ નથી. એમ લીધું છે. એમ એનો અનર્પિતપણે અર્થ થાય છે. અને સ્વચ્છં જ્યાં થોડો અથવા ઘણો હાનિ પામે છે ત્યાં એની યોગ્યતાને રોકનારા જે કેટલાક કારણો છે, એના ત્રણ ભેદ લઈને એ કારણોનો નાશ કરવો જોઈએ એમ વાત કરી છે. એ કારણમાં પદાર્થનો અનિર્ણય, સત્પુરુષ પ્રત્યે પરમ દૈન્યતાની ઓછપ. નહિતર વળી એમ કહે, અમારે તો સત્પુરુષ પ્રત્યે બહુમાન છે. (પરંતુ) ઓછપ છે, એમાં ક્ષતિ છે, ઓછપ છે એ પણ તારી યોગ્યતાને, અનુભવની યોગ્યતાને રોકે છે. ત્યાં ત્રણ બોલ લીધા છે અને બહારમાં જગતના સુખોની અલ્પ પણ સુખેચ્છા. પણ હજી ક્યાં પ્રભુ અમે વીતરાગ થયા છીએ ? થોડી તો અમને સુખેચ્છા હોય જ ને. બહુ તીવ્ર ન હોય. બહુ વૈભવ અને ભોગવિલાસમાં ન જઈએ પણ અલ્પ પણ સુખેચ્છાની મનાઈ કરી ? કે અહીંયાં અભિપ્રાય તારો છૂટી જવો જોઈએ.

જો આત્મા સત્ પરમાનંદરૂપ છે... ત્યાં એ વિષય ચાલ્યો છે, ત્યાં એને શાતાના સુખમાં સુખ ઊપજે, તો એની યોગ્યતા રોકાઈ જાય છે. આમ લીધું છે. સીધું આમ લીધું છે. અંદરનો બધો બહુ ઝીણો વિષય પકડ્યો છે. કેમ કે જ્યાં મુમુક્ષુ થયો, અશુભરસ ઘટ્યો, શુભભાવો વૃદ્ધિગત થયા ત્યાં શાતા તો ઊપજ્યા વિના રહેશે નહિ. અને જ્યાં શાતા ઊપજીને એમાં રોકાણો કે આ ઠીક છે. વાત ખલાસ થઈ ગઈ. એની યોગ્યતા રોકાઈ જાય છે, એમ કહે છે. યોગ્યતાને બાધક કારણો લીધા છે. જે યોગ્યતા આગળ વધીને સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે એ પરિસ્થિતિ નહિ આવે. ત્રણ વાત લીધી છે.

મુમુક્ષુ :– કયો પત્રાંક ?

પૂજ્ય ભાઈશ્રી :– ૨૫૪. 'ખંભાત'ના મુમુક્ષુઓને લખેલો છે. ૨૪મા વર્ષમાં છે. ૨૪મે વર્ષે આવા પત્રો લખ્યા છે. લખે છે, કે **'અમે આમાં ઘણો ગૂઢ શાસ્ત્રાર્થ પણ પ્રતિપાદન કર્યો છે.'** તેને વિશેષ વિશેષ વિચારશો. અને પ્રત્યક્ષ સમાગમે પૂછશો તો એનો વિશેષ ખુલાસો કરશું. પણ પૂછશો તો, હોં ! એને જિજ્ઞાસા ન હોય તો અહીંયાં કીધું કાંઈ કામમાં આવતું નથી. ઉપરથી જાય છે.

મુમુક્ષુ :– 'ગુરુદેવશ્રી' બહુ કહેતા હતા, પૂછે એને કહેવામાં આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– એટલા માટે શાસ્ત્રોમાં પ્રશ્ન-ઉત્તરની શૈલી એટલા માટે છે, કે આ વિષય વિચારનારને અહીંયાં જિજ્ઞાસાથી આવો પ્રશ્ન ઉદ્ભવે એવી સંભાવના છે. જો એ પ્રશ્ન ન ઊપજે તો એના માટે આ ઉત્તર એને લાગુ પડશે નહિ. એને અંદરમાં બેસશે નહિ કે આ શું કહેવા માગે છે.

કહે છે, કે **'ગુરુ અને શાસ્ત્ર તો દિશા બતાવે...'** અંતર્મુખની દિશા બતાવે. એવી વિધિથી વાત કરે છે એમ કહે છે. આ એક વિશિષ્ટતા છે. કાલે એ પ્રશ્ન ચર્ચાણો ને કે જ્ઞાની અને અજ્ઞાનીના કથનમાં શું ફેર છે ? બેની વિધિમાં ફેર છે. ઠીક ! જે વિધિએ તે કહે છે, કથનની જે કહેવાની વિધિ, એમાં એક અંતરંગ દિશા બતાવે છે. બીજાએ દિશા ભાળી નથી (એટલે) બતાવવાનો પ્રશ્ન એના કથનમાં આવતો નથી. આમ છે. Tone બદલાય છે. શબ્દો તેના તે હોય પણ એનો ધ્વનિ બદલાય જાય છે. એનો જે રણકાર છે એ જુદો છે અને આનો રણકાર છે એ જુદો છે. રૂપિયો તો કલાઈનો પણ હોય અને ચાંદિનો પણ હોય. બેયના રણકારમાં ફેર છે. છાપ સરખી મારી એટલે કાંઈ સરખા નાણા આવે ? સરખી કિંમત થાય ? ન થાય. અરે..! ચાંદી રૂપિયાભાર હોય અને સિક્કો ન પાડો તો એની કિંમત આવે. એને કાંઈ જરૂર નથી કે સિક્કો પાડવો પડે. ચાંદી છે એટલે એની કિંમત આવવાની, આવવાની અને આવવાની જ છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– એટલે જે ચીજ છે તે છે. જેની જે કિંમત છે તે છે. લોકો કહે કે આ જ્ઞાની છે માટે અજ્ઞાની જ્ઞાની થઈ જાય ? કલાઈ ચાંદી થઈ જાય એવું તો કાંઈ બને નહિ. લોકો અજ્ઞાનીને જ્ઞાની

સ્થાપે એટલે કાંઈ કલાઈ છે એ ચાંદી થાય ? અને જ્ઞાની છે એને કોઈ ઓળખે નહિ તો એ કાંઈ ચાંદી મટીને કલાઈ થાય નહિ. જે કિંમત છે એ છે. બરાબર રહે છે.

એના જે વચન છે એમાં દિશાસૂચન છે. લ્યો આ એક માર્મિક વિષય છે આનો. વચનનો જે મર્મ છે એ અહીંયાં રહેલો છે. એ અંતરંગની દિશા સુજાડે છે. જો તારા જ્ઞાનવેદનને જો તું. જરા તારે એ વેદન જોવા માટે તારું જે જ્ઞાનનું બહિર્મુખ વલણ છે એ ફેરવવું પડશે. આમ છે. એ કીધું ને અહીંયાં ? ૩૪૮માં એ વિષય લીધો, કે અંદરમાં તારા ચાલતા પરિણમનને તું જોઈશ તો રાગની દિશા પર તરફ છે એમ દેખાશે **'અને જ્ઞાનની દશાની દિશા સ્વ તરફ છે...'** એમ તને જોવામાં આવશે. આ તું જો. આ અમારે કહેવું છે, કે તારું જ્ઞાન છે એની દશા, જ્ઞાનવેદન, એની દિશા અંતર્મુખની છે, અંદરની દિશા છે. એની દિશા બહારની છે નહિ. બહારની દિશા જ્ઞાનની હોય તો એ જ્ઞાન નહિ એમ કહે છે. ઠીક ! એને અમે જ્ઞાન કહેતા નથી. પરને જાણવારૂપ ભલે જ્ઞાનનો પર્યાય હોય, પણ એને અમે જ્ઞાન કહેતા નથી. એવી દિશા બતાવે.

**'ગુરુ અને શાસ્ત્ર તો દિશા બતાવે...'** અને દિશા બતાવે ત્યારે એમ કહે, કે **'રાગાદિ તું નથી...'** જે રાગને તું સર્વસ્વ માનીને પડ્યો છો તે તું નથી. **'તેથી ત્યાંથી દૃષ્ટિ હટાવ...'** એની ઉપાદેયતા હટાવ. દૃષ્ટિ હટાવ એટલે તેની ઉપાદેયતા ટાળ **'અને ધ્રુવમાં દૃષ્ટિ લગાવ.'** ધ્રુવ આત્મા સર્વસ્વપણે ઉપાદેય કર. જે અનંત ગુણનું નિધાન છે એની ઉપાદેયતા તું કર. એમ જ્ઞાની અંતઃતત્ત્વસ્વરૂપ જે તત્ત્વ છે, એ બાજુની (દિશા બતાવે છે).

## ધાર્મિક કાર્યક્રમ

સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના વાર્ષિક સમાધિદિન પ્રસંગે ત્રણ દિવસીય ધાર્મિક કાર્યક્રમ નિમ્ન સ્થળે આયોજિત કરવામાં આવેલ છે. ચૈત્ર સુદ ૩, શનિવાર તા. ૧૩-૪-૨૦૧૩ થી ચૈત્ર સુદ ૫, સોમવાર તા. ૧૫-૪-૨૦૧૩ પર્યંત જિનમંદિરમાં મંડલ વિધાન રાખવામાં આવેલ છે. તથા 'શશીપ્રભુ સાધના-સ્મૃતિ મંદિર'માં પ્રાતઃ સાત થી આઠ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું સી.ડી. પ્રવચન, બપોરે ચાર થી પાંચ ગુણાનુવાદ તથા રાત્રે આઠ થી નવ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું વિડીયો પ્રવચન તથા ભક્તિ રાખવામાં આવેલ છે. તા. ૧૫-૪-૨૦૧૩, ચૈત્ર સુદ પાંચમના દિવસે સવારે ચાર વાગે 'શશીપ્રભુ સાધના-સ્મૃતિ મંદિર' માં ભક્તિ તથા બે મિનિટનું મૌન પાળવામાં આવશે. ત્યારબાદ સાત થી આઠ પ્રવચન અને તત્‌પશ્ચાત્‌ પૂજ્ય ભાઈશ્રીના સમાધિસ્થળે અડધી કલાક ભક્તિ રાખવામાં આવેલ છે. આ પ્રસંગે આવનાર મુમુક્ષુઓ માટે આવાસ તથા ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે. આવનાર મુમુક્ષુ ભાઈ-બહેનોને વિનમ્ર સૂચન છે કે તેઓ આવવાની વિગત અગાઉથી જણાવે જેથી તેમના આવાસ તથા ભોજનની સમુચિત વ્યવસ્થા થઈ શકે.

સંપર્ક :– શ્રી સત્‌શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર. ફોન : (૦૨૭૮) ૨૫૧૫૦૦૫.

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (માર્ચ–૨૦૧૩નું) શુલ્ક શ્રી વિજય ઓઈલ મીલ, હ. ઝવેરી સાવલા, દાદર, મુંબઈ (૦૯૩૨૨૨૯૦૬૮૦)ના નામથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**

## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા લિખિત 'અનુભવ સંજીવની' ગ્રંથમાંથી કેટલાક વચનામૃતો

નિજ પૂર્ણ ભગવાન જ્ઞાન લક્ષણથી લક્ષિત થતાં, તેની સહજ મુખ્યતા રહે છે. (મુખ્યતા ન રહે તો લક્ષ થયું જ નથી) અને તે અન્ય સર્વથી ઉપેક્ષા થવાનું મૂળ કારણ છે. (૭૦)

❉

આત્મસ્વરૂપથી વિપરીત એવાં શુભાશુભ ભાવોમાં આવવું / પરિણમવું તે પ્રમાદ છે. પ્રમાદ ચોર છે, તે છુપી રીતે આત્મગુણોરૂપ ધનને ચોરી લે છે.

સહજ પ્રત્યક્ષ નિજ સ્વરૂપમાં અનન્ય રુચિથી અભેદભાવ થવો તે અપ્રમાદ અથવા પુરુષાર્થ છે. (૭૧)

❉

અનંત મહિમાવંત આત્મસ્વરૂપ, અચિંત્ય દિવ્ય ચૈતન્ય રત્ન છે. તેની અપૂર્વતાથી મહિમા આવે તે તેની સંભાળ છે. સ્વરૂપની આ પ્રકારે સંભાળ ન લેવી અને અપ્રયોજનભૂત, નિરર્થક, અન્ય પદાર્થોમાં સાવધાની રહેવી - તે મહા મૂર્ખતા છે. - અનંત ક્લેષોદધિનું કારણ છે. (૭૨)

❉

'હું જ્ઞાનમાત્ર છું' તેવા સ્વાકાર - સ્વરૂપાકાર પરિણમનમાં અન્ય સર્વ જ્ઞેયમાત્રપણે રહી જાય છે. સત્ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે લક્ષ જતાં, તેઓ પણ 'આ'-'જ્ઞાનમાત્ર' ને જ (મને જ) બતાવી રહ્યા છે, તેમ જણાય. (૭૩)

❉

અજ્ઞાનદશામાં, પૂર્વપુણ્યના ઉદયે સંયોગરૂપ સામગ્રી - ક્ષણિક-અનિત્ય હોવા છતાં - નિત્યપણે ભાસે છે; કે જાણે 'આ બધું' મારે કાયમ રહેવાનું છે; તેથી તેનો તથારૂપ રસ - પરિણતિ બની જાય છે; જ્યારે તેથી ઊલટું -

જ્ઞાનદશામાં, પુણ્યયોગે બાહ્ય વૈભવમાં જ્ઞાની હોય તો તેમાં પોતાની નિત્યતાપૂર્વક અનિત્યતાનું ભાન રહે છે. તેથી તેને તેમાં રસ આવતો નથી. જ્ઞાન પરિણતિ યથાવત્ રહે છે. (૭૪)

❉

### ઑક્ટોબર - ૧૯૮૫

જાણપણારૂપ જ્ઞાન સર્વ જીવની દશામાં સામાન્ય છે, તેમ છતાં સર્વને વિવેકબુદ્ધિ સરખી નથી. પરિગ્રહબુદ્ધિ અર્થાત્ પરિગ્રહનું મમત્વ અભિપ્રાયપૂર્વક હોય ત્યાં અવિવેકની પરંપરા ઊભી થાય છે, તેથી પરિગ્રહબુદ્ધિને 'અવિવેકની ખાણ' જ્ઞાનીઓએ કહેલ છે. જેમાંથી સર્વ દોષો પાંગરે છે. (૭૫)

❉

શુભાશુભ પરિણામકાળે બહિર્મુખભાવોમાં વેગ તીવ્ર થતાં, તેમજ દર્શનમોહને લીધે જીવ નિજ અવલોકનમાં પ્રવર્તી શકતો નથી, ત્યારે આત્મસ્વરૂપ સંબંધી વિકલ્પ પણ બેકાર જાય છે અને જીવ પુણ્ય-પાપમાં સાવધાન થઈ - રહી ક્લેશને પામે છે. પરંતુ જાગૃત આત્માર્થી દર્શનમોહનો રસ ઘટતાં અવલોકનમાં આવી રાગ રસ તોડે છે. (૭૬)

❉



## દ્રવ્યદષ્ટિ પ્રકાશ ગ્રંથમાંથી દષ્ટિનું પરિણમન અને દષ્ટિના વિષય ઉપરના પૂજ્ય શ્રી સોગાનીજીના વચનામૃતો

કેવળજ્ઞાનથી મને લાભ થવાનો નથી, અને શુભાશુભ ભાવોથી મને નુકશાન થવાનું નથી, 'હું એવું તત્ત્વ છું'. (ધ્રુવતત્ત્વ, ઉત્પાદ-વ્યયથી નિરપેક્ષ છે – એવી દષ્ટિથી વાત છે.)

જેમ કોઈ મેરુથી માથું ફોડે, પણ મેરુ હલતો નથી, તેમ પરિણામ મારાથી ટકરાય છે, તોપણ 'હું' પરિણામથી હલવાવાળો નથી. (૪૨૯)

❈

અહીંની (ત્રિકાળીની) દષ્ટિ થતાં જ, (પર્યાય અપેક્ષા) મુક્તિ ચાલુ થઈ જાય છે. ચાલુ શું થઈ જાય છે ! (દ્રવ્યદષ્ટિ અપેક્ષા અથવા ભાવિનયથી) મુક્તિ થઈ જ ગઈ ! (૪૩૭)

❈

શું 'દષ્ટિ' વસ્તુનું અવલંબન લે છે !! – તે તો આખી ચીજને કોળિયો કરી જાય છે; આખેઆખી ચીજમાં વ્યાપ્ત થઈ જાય છે; માલિક બની જાય છે. માલિક કહેવામાં પણ ભેદ આવી જાય છે, 'દષ્ટિ' તો સ્વયં જ તે ચીજરૂપ છે. (૪૪૨)

❈

(એક સમયનું) અનંત આનંદનું વેદન આવે – તે પણ 'હું' (ત્રિકાળી તત્ત્વ) નથી; કેમ કે વેદનનો 'મારા'માં (ત્રિકાળીમાં) અભાવ છે. 'હું' એક સમયના વેદનમાં આવી જાઉં તો 'મારો' નાશ થઈ જાય. ('હું' એક સમયની પૂર્ણ પર્યાય જેટલો જ નથી, પરંતુ પૂર્ણ પર્યાયથી પણ અધિક છું – એમ કહેવાનો ભાવ છે.) (૪૬૭)

❈

દષ્ટિ તો હરેક સમયે પોતાને પૂર્ણ જ દેખે છે. મુનિ પણ એમ કહે કે 'અમે પામર છીએ' પરંતુ તેમને તો પોતાની ખીલેલીપરિણતિની પૂર્ણ (સ્વરૂપ)ની સાથે સરખામણી કરતાં પોતાની પામરતા અનુભવે છે – તે અપેક્ષાએ (પોતાને પામર) કહે છે. દષ્ટિ તો સાધક–બાધકપણું જ સ્વીકારતી નથી. (૪૭૦)

❈

મિથ્યાત્વ હો અથવા સમ્યક્ત્વ હો, તે જુઓ જ નહિ ! 'હું તો ધ્રુવતત્ત્વ છું' – અહીં આવતાં જ મિથ્યાત્વ પર્યાય પણ નિશ્ચય–નિયમથી ચાલી જ જશે. દષ્ટિના નિર્ણયમાં પૂર્ણ શુદ્ધિ ભરેલી છે. (દષ્ટિના વિષયભૂત સ્વસ્વરૂપમાં પૂર્ણ શુદ્ધિ ભરી છે, અતઃ એના નિર્ણયમાં અર્થાત્ નિર્ણયના ગર્ભમાં પણ પૂર્ણ શુદ્ધિનું સત્ત્વ છે. સ્વરૂપનિર્ણયના કાળમાં નિયમથી સ્વરૂપ અસ્તિત્વનું ગ્રહણ થાય છે અને સ્વભાવના સંસ્કાર એવા પડે છે કે જેના ફળસ્વરૂપ સિદ્ધપદ પ્રગટ થાય જ. એમ દષ્ટિના વિષયભૂત સ્વસ્વરૂપનો નિર્ણય થાતા જ બધી અવસ્થાઓં પ્રતિ ઉપેક્ષા સહજ જ થઈ જાય છે.) (૪૮૦)

❈

આ ધ્રુવતત્ત્વ કોઈને નમતું (ઝૂકતું) જ નથી. પોતાની સિદ્ધપર્યાયને પણ નમતું નથી. (૪૮૧)

❈

'હું કૃતકૃત્ય ચૈતન્યધામ છું, વિકાર મને સ્પર્શ્યો જ નથી, હું ધ્રુવધામ છું' – એવું પોતાનું અહંપણું આવવું જોઈએ. (૫૧૧)

# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા

પ્રશ્ન :– કોઈ બીજું વિકલ્પ કરતું હોય એટલું બધું જુદું જ્ઞાનીને વિકલ્પથી જુદાપણું લાગતું હોય ?

સમાધાન :– બીજું કોઈ વિકલ્પ કરે છે એટલું જુદું નહિ, પણ વિકલ્પથી મારો સ્વભાવ જુદો છે. પુરુષાર્થની મંદતાએ તે મારામાં થાય છે પણ તે મારો સ્વભાવ નથી. તેનાથી જુદું ભેદજ્ઞાન-જ્ઞાતાની પરિણતિ વર્તે છે. તે સ્વભાવથી એકત્વ છે ને વિભાવથી વિભક્ત છે. જે વિભાવથી વિભક્ત થયો તે શરીરથી વિભક્ત થઈ જ ગયો છે. દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ છે તેમાં જે ભાવકર્મથી ન્યારો વર્તે છે તે દ્રવ્યકર્મ અને નોકર્મથી જુદો જ વર્તે છે. કોઈ સ્થૂલતાથી શરીરથી જુદો-જુદો એમ કરે અને અંદરથી જુદો નથી પડ્યો તો તે વાસ્તવિક જુદો જ નથી થયો. કોઈ સ્થૂલતાથી કહે કે હું શરીરથી જુદો, પણ જો વિકલ્પથી ન્યારો નથી પરિણમતો તો શરીરથી જુદો કહે છે તે માત્ર અભ્યાસરૂપ છે.

**(સ્વાનુભૂતિદર્શન-૩૨૩)**

પ્રશ્ન :– સમકિત પ્રાપ્ત નહિ થવામાં શ્રદ્ધાનો જ દોષ છે ?

સમાધાન :– સમ્યગ્દર્શન પ્રાપ્ત નહિ થવામાં શ્રદ્ધાનો જ દોષ છે. ચારિત્રનો દોષ તે શ્રદ્ધાને રોકતો નથી. શ્રદ્ધાને શ્રદ્ધાનો દોષ જ રોકે છે. અનંતાનુબંધી કષાય છે તેને શ્રદ્ધા સાથે સંબંધ છે. જેની શ્રદ્ધા ફરે તેને અનંતાનુબંધી કષાયો ટળી જ જાય છે. અનંતકાળથી શ્રદ્ધાનો દોષ છે. **(સ્વાનુભૂતિદર્શન-૩૨૪)**

પ્રશ્ન :– આત્માર્થમાં સંયમ અને નીતિ-ન્યાયને વચ્ચે લાવવાં કે નહિ ?

સમાધાન :– જેને આત્માની રુચિ લાગે, જેને આત્મા જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી તેને નીતિ, ન્યાય આધિ બધું હોય છે. અમુક પાત્રતા તો તેને હોય છે.જેની



શ્રદ્ધા પલટી જાય છે તેને અમુક જાતની શ્રદ્ધાની સાથે જેનો સંબંધ છે એવી જાતની પાત્રતા હોય છે. પાત્રતા વગર શ્રદધા હોતી નથી.

**(સ્વાનુભૂતિદર્શન-૩૨૫)**

પ્રશ્ન :– અવિનાભાવીપણું કહીએ તો શું વાંધો આવે ?

સમાધાન :– અવિનાભાવીપણું તો છે, એટલે અમુક જાતની પાત્રતા તેને હોય છે. તેની રુચિ જ્યાં પલટાય, આત્માર્થીપણું જ્યાં થાય અને જ્યાં આત્માનું જ એક પ્રયોજન છે ત્યાં તેના કષાયો મંદ હોય છે. તેને વિષય-કષાયોની ગૃદ્ધિ તૂટી જાય છે. એક આત્મા જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી એવી તેની અંતરથી પરિણતિ થઈ જાય તેને નીતિ-ન્યાય સાથે સંબંધ હોય છે.

**(સ્વાનુભૂતિદર્શન-૩૨૬)**

પ્રશ્ન :– સમ્યગ્દર્શન થયા પછી તેમને નીતિ વધારે ઉદ્ભવે છે એવું ખરું ?

સમાધાન :– સમ્યગ્દર્શન સાથે જેટલો નીતિને સંબંધ હોય તેટલી નીતિ હોય છે. વ્યવહારથી અયોગ્ય થાય એવી જાતની અનીતિ તેને હોતી નથી. સમ્યગ્દર્શનની સાથે નીતિને સંબંધ હોય છે. સમ્યગ્દર્શન પહેલાં પણ નીતિ સાથે સંબંધ હોય છે, સમ્યગ્દર્શન થયા પછી કાંઈ અનીતિનાં કાર્યો કરે એવું નથી, તેને ગમે તેમ આચરણ થાય જ નહિ. અંતરમાં એટલી મર્યાદા આવી ગઈ છે કે સ્વરૂપાચરણ ચારિત્ર અને ભેદજ્ઞાનની ધારા વર્તે છે અને જ્ઞાયકની ધારા પ્રગટ થઈ હોવાથી જે વિભાવનો કર્તા થતો નથી તેને બહારના વિભાવની મર્યાદા આવી જ જાય છે. જેને અંદરમાં મર્યાદા થઈ તે જ્ઞાયક છોડીને ક્યાંય જતો નથી, જ્ઞાયકની ધારા સિવાય ક્યાંય તેની પરિણતિ એકત્વ થતી નથી, તેથી તેનાં દરેક કાર્યોમાં મર્યાદા હોય છે. તેને મર્યાદા વગરનું કાંઈ હોતું નથી, તેની ભૂમિકાને યોગ્ય જ બધું હોય છે.

**(સ્વાનુભૂતિદર્શન-૩૨૭)**




## ૨૧૭

મુંબઈ, મહા સુદ, ૧૯૪૭

**'સરળ વાટ મળ્યા છતાં ઉપાધિના કારણથી તન્મયભક્તિ રહેતી નથી, અને એકતાર સ્નેહ ઊભરાતો નથી. આથી ખેદ રહ્યા કરે છે અને વારંવાર વનવાસની ઇચ્છા થયા કરે છે. જો કે વૈરાગ્ય તો એવો રહે છે કે ઘર અને વનમાં ઘણું કરીને આત્માને ભેદ રહ્યો નથી, પરંતુ ઉપાધિના પ્રસંગને લીધે તેમાં ઉપયોગ રાખવાની વારંવાર જરૂર રહ્યા કરે છે, કે જેથી પરમ સ્નેહ પર તે વેળા આવરણ આણવું પડે... પૂર્ણ લય આવ્યા વિના દેહત્યાગ નહીં કરી શકાય એમ રહે છે; અને વારંવાર એ જ રટના રહેવાથી 'વનમાં જઈએ, વનમાં જઈએ' એમ થઈ આવે છે. આપનો નિરંતર સત્સંગ હોય તો અમને ઘર પણ વનવાસ જ છે,'**

આ વચનામૃતમાં પણ સ્વરૂપમાં તન્મય રહેવાની વૃત્તિવશ કૃપાળુદેવના પરમ વૈરાગ્યભાવના દર્શન થાય છે; જો કે પરમસ્વરૂપમાં જોઈએ તેવું એકતાર પરિણમન રહેતું નહિ હોવાથી ખેદ પણ થાય છે; તો પણ અત્યંત વૈરાગ્યને લીધે ઘર અને વન વચ્ચે તફાવત દેખાતો નથી. વ્યવસાયની ઉપાધિને લીધે તેમાં ઉપયોગ આપવો પડે છે; ત્યારે સ્વરૂપભક્તિ (આરાધના) પર આવરણ લાવવું પડે, તેવું થાય છે, જે પોસાતું નથી; તેવી સ્થિતિમાં આયુષ્ય પૂરું થાય તેનો નિષેધ વર્તે છે અને સ્વરૂપમાં પૂર્ણ લય પ્રગટ કરવા અર્થે વનમાં જવાની રટણા ચાલ્યા કરે છે. આ પરિસ્થિતિમાં વનવાસના સ્થાને શ્રી સૌભાગ્યભાઈનો સત્સંગ પોતે ચાહે છે, બીજું કાંઈ ચાહતા નથી.

**'અસંગતા બહુ જ સાંભરી આવે છે; અને કેટલીક વખત તો એવું થઈ જાય છે કે તે અસંગતા વિના પરમ દુઃખ થાય છે. યમ અંતકાળે પ્રાણીને દુઃખદાયક નહીં લાગતો હોય, પણ અમને સંગ દુઃખદાયક લાગે છે. એમ અંતર્વૃત્તિઓ ઘણી છે કેજે એક જ પ્રવાહની છે. લખી જતી નથી; રહ્યું જતું નથી;... સુગમ ઉપાય કોઈ જતતો નથી. ઉદયકર્મ ભોગવતાં દીનપણું અનુકૂળ નથી. ભવિષ્યની એક ક્ષણનો ઘણું કરીને વિચાર પણ રહેતો નથી.'**

લૌકિકજનોનો સંગ કરવા યોગ્ય નથી છતાં તેમની મધ્યમાં રહેવું પડે છે, તેથી વારંવાર અસંગતાનું સ્મરણ થઈ આવે છે અને તે અસંગતાની ચાહના એટલી હદે રહે છે કે તેના વિના પરમ દુઃખ થાય છે. જગતના પ્રાણીને અંતકાળે પ્રાણત્યાગનું દુઃખ થાય તેના કરતાં પણ લૌકિકજનોનો સંગ પોતાને વધુ દુઃખદાયક લાગે છે. આ વચનો પરથી કૃપાળુદેવની અંતર્મુખ રહેવાની વૃત્તિમાં કેટલો વેગ છે તેનો અંદાજ આવે છે. છતાં પણ ઇચ્છિત સત્સંગના અભાવમાં અને અસત્સંગના સદ્ભાવમાં કેવળ અંતર્મુખ રહેવાનો સુગમ ઉપાય કોઈ દેખાતો નથી, તેમ છતાં ઉદયકર્મ ભોગવતાં દીનપણું થાય તે માર્ગને અનુકૂળ નથી પરંતુ પ્રતિકૂળ છે; તેથી તેમ કર્તવ્ય નથી, ઉદયકર્મમાં પ્રવૃત્તિ કોઈ ભાવી અનુકૂળતાની આશાને વશ કે ભવિષ્યમાં સંયોગોની ચિંતાને વશ પોતે કરતા નથી. સાનાન્યપણે સંસારીજીવને ભવિષ્યની ચિંતાથી મુક્ત થવું બની શકતું નથી અને સંસારીજીવોના પરિણામ ઉદય પ્રત્યે વળગેલા જ રહે છે. પરંતુ કૃપાળુદેવને તો પ્રગટ જ્ઞાનદશામાં, અવ્યાબાધ સ્વરૂપસ્થિતિ–એ'રૂપ પરમાત્માનો આધાર મળ્યો છે અથવા તથારૂપ પરમાત્માનો અનુગ્રહ વર્તે છે કે જેથી ભવિષ્યની એક ક્ષણનો પણ ચિંતારૂપ સામાન્ય વિચાર પણ ઉદ્ભવ થતો નથી. આવા આરાધક ભાવો જે મહાત્માને હોય, તે શીઘ્ર મુક્તિ પામે; તેમાં શું આશ્ચર્ય છે ?